# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'B++' grade

सत्यम् ज्ञानम् अनन्तम्

# ઈ–દક્ષિણાયન

## Dakshinayan e-Newsletter

For Private Circulation Only

Vol. 14, Issue. 245, March 2023





**પ્રિય વાચક મિત્રો,**

### ભારતીય નવવર્ષ : વર્ષ પ્રતિપદા

કાલગણના કોઈપણ રાષ્ટ્રના નાગરિકોની પ્રબુદ્ધતા અને જાગૃતિની સૂચક છે. આ માનવ સભ્યતાના વિકાસ અને એના ઉત્કર્ષનું દ્યોતક પણ છે. કાલગણના માનવ દ્વારા વિવિધ પ્રાકૃતિક, સામાજિક તથા રાજનૈતિક ઘટનાક્રમઓને કાળક્રમના પરિપ્રેક્ષમાં જોવાની યોગ્યતા અને ચેતનાનું પ્રતીક છે. આ ચેતના પૃથ્વીના કયા ખંડમાં કેટલા પ્રાચીનકાળથી વિદ્યમાન છે, તેનું પ્રમાણ તે દેશની કાલગણનાથી જ મળે છે. વિશ્વની વિભિન્ન કાલગણનાઓનો તુલનાત્મક અભ્યાસથી એ જાણી શકાય છે કે બૌદ્ધિકરૂપથી વિકસિત માનવનો ઉદભવ પૃથ્વીના કયા સ્થાન ઉપર થયેલો હશે.

ભારતવર્ષ વિવિધતાઓથી ઓતપ્રોત દેશ છે. ભૌગોલિક ક્ષેત્રોની વૈવિધ્યની સાથે સાથે રીત–રિવાજો, ખાનપાન, પરંપરાઓ, માન્યતાઓ, આસ્થા–વિશ્વાસ અને ધર્મ સંપ્રદાયો પંથો, દર્શનો વગેરેમાં પણ સ્વાભાવિક ભિન્નતા સમાવિષ્ટ છે. આ બધી વિવિધતાઓથી આ સુંદર દેશ નિર્મિત થયો છે. આપણા દેશમાં હિન્દુ, મુસ્લિમ, શિખ, ઈસાઈ વગેરે ધર્માવલંબીઓના પંચાંગ પણ જુદાજુદા પ્રકારનાં છે. એટલે કે ભારતમાં નવવર્ષની અલગ–અલગ તિથિઓ મનાવવામાં આવે છે. પરંતુ આમાંથી સૌથી વધારે માર્ચ–એપ્રિલ મહિનામાં મનાવે છે. પંજાબી લોકો 'વૈશાખીના નામથી ૧૩–૧૪ એપ્રિલને નવવર્ષ માને છે, બંગાળી તથા તમિલ પણ આ જ તારીખોમાં ' વિષુંના નામથી નવ વર્ષને આવકારે છે. આંધ્રપ્રદેશમાં ' ઉગારીના નામથી ચૈત્ર મહિનાના પ્રથમ દિવસે નવવર્ષ મનાવે છે. કણાટકમાં પણ આ જ દિવસે નવ વર્ષ મનાવવામાં આવે છે. સિંધી 'ચેટીચાંદ અને મહારાષ્ટ્રના લોકો 'ગુડીપડવોના રૂપમાં ચૈત્ર માસને પ્રતિપદાથી નવા વર્ષનો પ્રારંભ માને છે.

જ્યોતિષીશાસ્ત્રના મતે ચૈત્ર માસના શુક્લ પક્ષની પ્રથમ તિથિ એટલે કે પ્રતિપદાને જ 'બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યુ હતું. બ્રહ્મગુપ્ત સાતમી શતાબ્દીમાં અને ભાસ્કરાચાર્ય ૧૨મી શતાબ્દીના ગ્રંથોમાં આ વિષેની ચર્ચા છે. સંવત્સર ચક્ર મુજબ સૂર્ય રાશિ ચક્રની પ્રથમ રાશિ છે. મેષમાં પ્રવેશ કરે છે અને તે જ દિવસે સૌર વર્ષનો પ્રારંભ પણ માનવામાં આવે છે.

ભારતીય કાલગણનાની સૌથી પ્રાચીન, સૂક્ષ્મતા અને વૈજ્ઞાનિકતા એ વાતનું સ્પષ્ટ પ્રતિપાદન/સમર્થન કરે છે કે માનવનો પ્રથમ ઉન્મેષ આ ભૂખંડ પર થયો. આપણા ઋષિઓએ 'કાલને અસ્તિત્વનું સૂક્ષ્મ–અતિસૂક્ષ્મ અંશ સુધી લઈને મહત્તમ સ્વરૂપનુંની ગણના કરી છે. કરોડો વર્ષની દીર્ઘકાલીન પરંપરામાં બ્રહ્માંડીય ઉત્પતિના સંભવિત સમયની સાચી ગણના કરતા માનવની ઉત્પતિના ૧૯૭ કરોડ વર્ષના ઇતિહાસનું સંરક્ષણ સાવધાની પૂર્વક કર્યુ છે. આ દીર્ઘકાલીન પરંપરાને કાળની સ્થૂળ ગણનાને તો સુરક્ષિત રાખી જ, આ ગણનાને આધારભૂત સિદ્ધાંતોનું પ્રતિપાદન પણ સાથે સાથે મળ્યું છે.

આધુનિક વૈજ્ઞાનિકોએ અને વિદ્વાનોએ આ સુદીર્ઘ કાલગણનાની તથ્યવિહીન બુદ્ધિવિલાસ માનીને અસ્વીકૃત કરી દીધી, કેમકે તેમના મત મુજબ સૃષ્ટિની ઉત્પત્તિ ઈશાથી માત્ર ૪૦૦૦ વર્ષ પહેલાથી જ થઈ હતી, કાળાંતરે જેમ જેમ વૈજ્ઞાનિક પ્રગતિ થઈ અને ભૂગોળ, ભૂગર્ભશાસ્ત્ર, જીવશાસ્ત્ર, શરીરવિજ્ઞાન, ખગોળશાસ્ત્ર અને જિવોત્પતિના તથ્ય વિજ્ઞાનના નવા સંશોધનથી સામે આવે છે, આધુનિક વૈજ્ઞાનિકોની ધારણાઓ ધ્વસ્ત થતી ચાલી ગઈ તથા કાલક્રમ પ્રાચીન ભારતીય માન્યતાની એકદમ નજીક સ્થાપિત થવા લાગ્યો. જ્યારે આધુનિક વિજ્ઞાનના સંશોધનોથી ભારતની પુરાણકાલીક માન્યતાઓને પુષ્ટ થવા લાગી ત્યારે વિશ્વના લોકોનું ધ્યાન ભારતીય વિજ્ઞાન તરફ ખેંચાય છે. રામસેતુ તથા દ્વારકાના અવશેષોની ખોજ, અનેક બ્રહ્માંડો અને આકાશગંગાઓના ભારતીય દાવાઓની સ્વીકૃતિ એનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

ભારતીય કાલગણના મુજબ ગણના કરીને બતાવવામાં આવેલ ગ્રહણ, ચંદ્રોદય, સૂર્યોદય અને સૂર્યાસ્ત એક રીતે બરાબર બેસે છે, જયારે વૈજ્ઞાનિક માન્યતાઓવાળી આધુનિક કાલગણના અનુસાર સમય બતાવવાવાળી પરમાણુ ઘડિયાળને પણ સમયે–સમયે આગળ–પાછળ કરવી પડે છે. વર્ષમાં દિવસ ઓછો વત્તા કરીને વર્ષની ગણના પૂરી કરી શકાય છે. આ જાણકારી પણ અનેક લોકોને નથી કે, એક સમય હતો જયારે કાલગણનાનું કેન્દ્રબિંદુ ઉજ્જૈન હતું. જે રીતે આજે ગ્રીનવીચને કેન્દ્ર માનવામાં આવે છે, કાલગણાનાનું એ જ રીતે ઉજ્જૈન કાલગણવાનું મધ્યબિંદુ હતું. કેમ કે ભૌગોલિક દ્રષ્ટિથી સંસારનું કેન્દ્ર ઉજ્જૈન જ છે. આ કારણે ઉજ્જૈનને મહાકાલની નગરી માનવામાં આવે છે, પરંતુ આજે ત્યાં માત્ર જયોતિર્લિંગની જ આરાધનાનું સ્થાન માત્ર બનીને રહ્યું છે.

ભારતીય કાલગણનાનું મહત્વ જાણવું અને સમજવું અને તે દિશામાં સાર્થક પ્રયત્નો કરવાની આવશ્યકતા છે. પંચાંગ શબ્દનું ઉચ્ચારણ બધા કરે છે, પણ ત્યારે પંચાંગના પાંચ અંગ કયા છે. તેની આવશ્યકતા શું છે, તેનું આપણા દૈનિક જીવનમાં શું મહત્વ છે વગેરે, આ વિશે બધાએ જાણવું જોઈએ. પંચાંગને સરળ અને બોધગમ્ય બનાવીને તેને લોકપ્રિય બનાવી શકાય છે. પંચાંગને માત્ર તિથિ, વાર, નક્ષત્ર, યોગ, ચોઘડિયું જોવાનું સાધન જ નહી, પરંતુ પ્રત્યેક દિવસનું મહત્વ જાણવાનું માધ્યમ બનાવી શકાય છે. ભારતમાં અનેક લોકો વ્યક્તિગત રીતે, સંસ્થાકીય રીતે, સંગઠનાત્મક દૃષ્ટિથી ભારતીય કાલગણનાની જન સમાજમાં પુનઃસ્થાપના થાય તે માટેના પ્રયત્નો કરી રહ્યા છે, તમને સહયોગ કરવો જોઈએ.

**તા. ૧ એપ્રિલ, ૨૦૨૩** **(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી ન્યૂઝ

### વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે 'ઓનલાઈન લિટ કિવઝ' નામે ગુજરાતી સાહિત્યની પ્રશ્નોત્તરીનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ગુજરાતી વિભાગમાં એમ.એ.સેમેસ્ટર–૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની રહેનુમાબાનું અજીમખા પઠાણે ગુજરાતી સાહિત્યની પ્રશ્નોત્તરીમાં બધા જ પ્રશ્નોના સાચા જવાબ આપીને ગુજરાતી ભાષા, ગુજરાતી વિભાગ અને યુનિવર્સિટીને ગૌરવની ક્ષણ પ્રદાન કરી છે. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ દ્વારા ગુજરાતી ભાષાના ચાહકો તથા સાહિત્ય પરિષદ, અમદાવાદ દ્વારા ગુજરાતી ભાષાના ચાહકો તથા સાહિત્યરસિકો માટે સુરતના ટેકનોસેવી નરેશ કાપડિયાએ તા. ૨૧/૦૨/૨૦૨૩ના રોજ 'વિશ્વ માતૃભાષા દિવસ' નિમિત્તે 'ઓનલાઈન લિટ કિવઝ' નામે ગુજરાતી સાહિત્યની પ્રશ્નોત્તરીનું આયોજન કર્યું હતું. આ સ્પર્ધામાં ૨૧૦૦ થી વધુ ભાષાપ્રેમીઓએ વિવિધ ગામો અને શહેરોમાંથી ભાગ લીધો હતો. સ્પર્ધા શરૂ થયાથી ૨૦ મિનિટની અંદર કુલ ૭૨૩ સ્પર્ધકોએ બધા જ પ્રશ્નોના ઉત્તરો સબમિટ કરી દીધા હતા. આ ૭૨૩ સ્પર્ધકોમાંથી જે સ્પર્ધકોના બધા જ જવાબો સાચા હતા તે સ્પર્ધકોમાં ગુજરાતી વિભાગની વિદ્યાર્થીની રહેનુમાબાનું પણ સામેલ હતી. આવી સ્પર્ધાઓ ભાષા પ્રતિ તથા સાહિત્ય પ્રીતિ પ્રજાની નિસબતને પોષણ આપે છે તો વિદ્યાર્થીઓ જ્યારે આવી સ્પર્ધામાં હોંશે હોંશે ભાગ લે છે અને સફળ થાય છે ત્યારે આનંદ બેવડાય છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, ગુજરાતી વિભાગ તથા યુનિવર્સિટી પરિવાર વતી રહેનુમાબાનુંને ભાવિ સફળતાઓ માટે શુભેચ્છાઓ.

### યુનિવર્સિટીમાં નવાં આઠ સેનેટ સભ્યની નિમણુંક




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં નવાં આઠ સેનેટ સભ્યોની નિમણુંક કરવામાં આવી. યુનિવર્સિટીમાં સર્વોચ્ચ સત્તા મંડળ ગણાતી સેનેટમાં સરકારનું પ્રતિનિધિત્વ કરનારા ૮ સેનેટ સભ્યોની પસંદગી કરવામાં આવી. સરકાર નિયુકત સેનેટ સભ્યો યુનિવર્સિટીના વિવિધ વહીવટી અને શૈક્ષણિક નિર્ણયોમાં મહત્વનો ભાગ ભજવે છે, યુનિવર્સિટીના નવા નિમાયેલા સેનેટ સભ્યોના નામ આ મુજબ છે શ્રી કિરણભાઈ ઘોઘારી, શ્રી કિરણભાઈ ભોયા, ડૉ. મહેશભાઈ પટેલ, શ્રી કમલેશ ચૌહાણ, ડૉ. સંદીપ વાઘેલા, શ્રી ભાવિન હરીશ પટેલ, સુશ્રી અરુંધતી જીગ્નેશ દેસાઈ, શ્રી બાલકીશન અગ્રવાલ, આ પૈકી શ્રી કિરણભાઈ ઘોઘારીની આ બીજી ટર્મ છે આ તમામ સેનેટ સભ્યોને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા સમગ્ર યુનિવર્સિટી પરિવાર દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી.

### યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રીના જન્મદિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ એન. ચાવડા સાહેબનો ૦૨ માર્ચ ૨૦૨૩ ના રોજ જન્મદિવસ નિમિત્તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુનિવર્સિટીના સેનેટ સભ્યશ્રીઓ, સિન્ડિકેટ સભ્યશ્રીઓ તથા તમામ શૈક્ષણિક વિભાગીય વડાશ્રીઓ, વહીવટી વિભાગનાં વડાશ્રીઓ અને શૈક્ષણિક–બિનશૈક્ષણિક કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, નામાંકિત સંસ્થાઓ તથા સંગઠનો દ્વારા સોશિયલ મીડિયા તથા રૂબરૂ શુભેચ્છાઓ પાઠવી હતી.


















## યુનિવર્સિટીમાં ફુલબ્રાઈટ ફેલોશિપ તક વિશેની માહિતી પરનો કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે આવેલ બાયોટેક વિભાગના ઓડિટોરિયમ હોલમાં The United States - India Educational Foundation (USIEF) ના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર ડૉ. જયા ભારતીજી કે જેઓ કાર્યક્રમનાં મુખ્ય વકતા તરીકે Fulbright fellowship વિશે જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબએ પ્રેરણાદાયી ઉદબોધન આપ્યું તથા કાર્યક્રમમાં વિભાગીય વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. જયા ભારતીજી એ જણાવ્યું કે, યુનાઈટેડ સ્ટેટ્સ–ઈન્ડિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશન (યુ.એસ.આઈ.ઈ.એફ.) ઉત્કૃષ્ટ વિદ્વાનો, વ્યવસાયિકો અને વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિનિમય દ્વારા ભારત અને યુ.એસ.ના નાગરિકો વચ્ચે પરસ્પર સમજણને પ્રોત્સાહન આપે છે. તેની શરૂઆત, USIEF એ લગભગ દરેક શૈક્ષણિક વિદ્યાશાખામાં આશરે ૨૦,૦૦૦ ફુલબ્રાઈટ, ફુલબ્રાઈટ–નહેરુ અને અન્ય પ્રતિષ્ઠિત અનુદાન અને શિષ્યવૃત્તિઓ એનાયત કરી છે. ફેલોશિપ સપોર્ટ ઉપરાંત, USIEF સેવાઓમાં ભારતીય નાગરિકોને યુએસમાં ઉચ્ચ શિક્ષણની તકો અંગે સલાહ આપવાનો સમાવેશ થાય છે. USIEF એ ઝીણવટપૂર્વક અને વ્યૂહાત્મક આયોજન સાથે ભાવિ વિકાસ માટે પ્રાથમિકતાઓ ઓળખી છે. USIEF એ સઘ્ઘર રીતો શોધવાનું ચાલુ રાખે છે કે જેમાં ફાઉન્ડેશન ભારતીય અને યુએસ બંને યુનિવર્સિટીઓની સેવાઓ માટેની વિનંતીઓનો પ્રતિસાદ આપી શકે છે. તે અછતગ્રસ્ત વિસ્તારો અને સમુદાયો સુધી પહોંચવાનું ચાલુ રાખે છે. ફુલબ્રાઈટ–નહેરુ એવોર્ડ્સ ભારત અને યુ.એસ.ના સૌથી ઉત્કૃષ્ટ વિદ્યાર્થીઓ, શિક્ષણવિદો અને વ્યાવસાયિકોને યજમાન દેશમાં અભ્યાસ, સંશોધન અને શીખવવા સક્ષમ બનાવે છે. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા સવાલો કરવામાં આવ્યા અને તેની ચર્ચા કરી કાર્યક્રમનું સમાપન કર્યું.






## યુનિવર્સિટીમાં 'સ્ત્રી સશકિતકરણ : સ્વપ્ન કે વાસ્તવ ?' વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ગુજરાતી વિભાગમાં તા. ૦૩–૦૩–૨૦૨૩ ને શુક્રવારના રોજ 'જી ૨૦' અંતર્ગત વિભાગના વડા ડૉ. શરીફા વીજળીવાળાનાં અધ્યક્ષપદે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાની ઉપસ્થિતિમાં 'સ્ત્રી સશકિતકરણ : સ્વપન કે વાસ્તવ?' વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વકતા તરીકે ભરૂચની જે.પી.આર્ટ્સ કોલેજના નિવૃત અધ્યાપક ડૉ. મીનલ દવેએ પૌરાણિક કાળથી લઈને સાંપ્રત સમયમાં સ્ત્રીની સંસ્કૃતિક, પારિવારિક અને સામાજિક પરિસ્થિતિ, આચાર–વિચાર તથા ઘડતરની વાત સોદાહરણ કરી હતી. સ્ત્રીનું અસ્તિત્વ સમાજ વડે કઈ રીતે હાંસિયામાં મૂકી દેવાયેલું, રાજા રામમોહનરાય, સાવિત્રિબાઈ

ફૂલે, નર્મદ, ગાંધીજી વગેરે મહાનુભાવોએ શી રીતે સ્ત્રીને તેનાં અધિકારો પ્રતિ જાગૃત કરી, સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી બદલાયેલા સમયમાં તથા સ્ત્રી માટેના ઘડાયેલા કાયદાઓ પછી પણ કેવા પ્રશ્નો હજીય ઊભા છે સ્ત્રી માટે તે ડૉ. મીનલ દવેએ સક્ષમ ઉદાહરણો વડે સમજાવી આપ્યું. એમણે કહ્યું કે સશક્તિકરણ ફક્ત સ્ત્રી પૂરતું જ નહીં પરંતુ સ્ત્રી–પુરુષ બંને માટે આવશ્યક છે અને તે સ્ત્રી–પૂરુષ બંનેનાં સહિયારા પ્રયત્નો તથા એકમેકનાં ગૌરવ માટેની સભાનતા વડે જ એ શક્ય બને. વિભાગના અધ્યાપક ડૉ. પન્ના ત્રિવેદીનાં સંચાલન હેઠળ ચાલેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પણ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા અને કહ્યું હતું કે હજી આજેય સ્ત્રી સશક્તિકરણ એક સ્વપ્ન સમાન જ લાગે છે. વિભાગના વડાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં કહ્યું હતું કે 'જી ૨૦' અંતર્ગત સ્ત્રી સશક્તિકરણનાં મુદ્દાને સમાવવાનું કારણ જ એ છે કે 'વસુધૈવ કુટુમ્બકમ્'ની વિભાવના સ્ત્રીનાં સશક્તિકરણ વિનાં સંભવ નથી.










## વ્યસન મુક્તિ માટેના એક સેમિનારનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કાનૂનશાસ્ત્ર વિભાગ તેમજ પરિવર્તન વ્યસનમુક્તિ કેન્દ્ર, ચોકબજાર, સુરત સંકલન દ્વારા નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત તા. ૦૩/૦૩/૨૦૨૩, શુક્રવારના રોજ ૧૨:૩૦ થી ૦૨:૩૦ કલાકે વ્યસન મુક્તિ માટેના એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમ માં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત વિભાગના કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. વિમલ એ પંડયા દ્વારા સેમિનાર અંગેનું પ્રારંભિક ઉદ્‌બોધન દ્વારા વિદ્યાર્થીઓને કાર્યક્રમ માટેનું સ્વરૂપ અને સ્વાગત પ્રવચન કર્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટી ના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા તેઓ દ્વારા વિદ્યાર્થીઓને નશા મુક્તિ માટે જાગરુતતા કેવી રીતે લાવી શકાય તેનું માર્ગદર્શન આપ્યું. મુખ્ય વકતા જશુબેન તેમજ સુનિતાબેન યુવાવર્ગના ભવિષ્ય માટે નશામુક્તિ કેવી રીતે કરી શકાય. નશો કરનાર વ્યક્તિ નશામાથી કેવી રીતે મુક્ત થઈ શકે તે વિશેની માહિતી પૂરી પાડી હતી. તેઓએ મૂવી પીક્ચર દ્વારા વિદ્યાર્થીઓને જાગૃતતા આપી હતી અને છેલ્લે પ્રશ્નોત્તરીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન ડૉ. યશોધરા ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.







## યુનિવર્સિટી કેમ્પસમાં ૩૦૦૦ સેનિટરી પેડ્સમાંથી G20 લોગોનું આર્ટ વર્ક તૈયાર કરવામાં આવ્યું

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તથા કામખ્યા સંસ્થા અને વિદ્યાર્થી વિકાસ કેન્દ્ર (SFD) ના કાર્યકર્તાઓ દ્વારા સંયુક્ત પ્રયાસથી યુનિવર્સિટી કેમ્પસમાં ૩૦૦૦ ટકાઉ અને ફરીથી વાપરી શકાય તેવા સેનિટરી પેડ્સમાંથી G20 લોગોનું આર્ટ વર્ક તૈયાર કરવામાં આવ્યું. આ આર્ટ વર્ક 50 X 40 ફૂટનું એટલે કે ૨૦૦ ચોરસ ફૂટનું છે. આ તમામે મળીને એક નવો વિચાર રજુ કર્યો સદર આર્ટ વર્કમાં વપરાયેલા સેનિટરી પેડ્સ સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા બનાવવામાં આવ્યા હતા અને વિદ્યાર્થી વિકાસ કેન્દ્ર (SFD) ના સહયોગથી તથા કામખ્યા સંસ્થાના સુશ્રી રજનીજીના પ્રેરક માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવ્યા હતા. આ સેનેટરી પેડ્સનો ઉપયોગ હવે યુનિવર્સિટીના આરોગ્ય ચિકિત્સક કેન્દ્ર (Health Care Center) દ્વારા કરવામાં આવશે અથવા જરૂરિયાત મંદ લોકોને પુરા પાડવામાં આવશે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબએ સદર કલાકૃતિના વખાણ કર્યા. આ આર્ટ વર્ક નિહાળવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુનિવર્સિટીના G20 ના કો–ઓર્ડિનેટર શ્રી ડૉ. ધવલ મહેતા સહીત ઘણા ફેકલ્ટી અને વિદ્યાર્થીઓ એકત્રિત થયા હતા.



















## ૫૪મો વાર્ષિક પદવીદાન સમારંભ

૫૪મો વાર્ષિક પદવીદાન સમારંભ તા. ૬/૩/૨૦૨૩, સોમવારના રોજ યુનિવર્સિટી ખાતે યોજાયેલ હતો. જેમાં કુલાધિપતિશ્રી આચાર્ય દેવવ્રત, અતિથિ વિશેષ તરીકે પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયા અને પદ્મશ્રી યજદી કરંજિયા પદવી સમારંભમાં જોડાયા હતા સાથે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, પરીક્ષા નિયામક શ્રી અરવિંદભાઈ ધડુક તેમજ ડીનશ્રીઓ તથા સેનેટ–સિન્ડિકેટ સભ્યો હાજર રહ્યા હતા.

વૈદિક પદ્ધતિ મુજબ તૈત્રીય ઉપનિષદ અંતર્ગત શિક્ષાપલ્લીનો આચાર્ય ઉપદેશ દીક્ષાર્થીઓને પ્રદાન કરવામાં આવ્યો હતો.

માનનીય કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડા સાહેબ સંસ્કૃતમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. પદ્મશ્રી યજદી કરંજિયા સાહેબ એ તેમની શૈલીમાં વિદ્યાર્થીઓને ઉત્સાહિત કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને પોતાના માતા–પિતા ને ઋણ માનવું ખુબ જ જરૂરી હોઈ તે જ માતા–પિતા ને કારણે અત્યારે તેઓ ડિગ્રી પ્રાપ્ત કરી રહ્યા છે એમ જણાવેલ હતું.

પદ્મશ્રી સવજી ધોળકિયા સાહેબએ વિદ્યાર્થીઓને પોતાની શૈલીમાં આજે સારા જીવનનો એક અધ્યાય પૂર્ણ થાય છે અને તેમા નવા અધ્યાય તરફ જઈ રહ્યા છે તો તેમાં તેમણે જીવન જીવવા અંગે પાંચ સૂત્રો જણાવ્યા હતા.

માનનીય કુલાધિપતિશ્રી એ વિદ્યાર્થીઓને ભણવાની સાથે ભારતીય સંસ્કૃતિ ધ્યાને લઈને ખુબ જ પ્રચલિત થઈ હોય તેને અનુરૂપ જીવન જીવવા અને સદર સંસ્કૃતિનું જતન કરવા જાગૃત રહેવાં જણાવેલ હતું.

સદર પદવીદાન સમારંભમાં Ph.D. ની ડિગ્રી અને મેડલ/પારિતોષિક મહાનુભાવોના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા.






















## અફઘાનિસ્તાનની એક વિદેશી વિદ્યાર્થીનીએ ગોલ્ડ મેડલ તથા પ્રાઈઝ મેળવેલ છે

૫૪માં વાર્ષિક પદવીદાન સમારંભ તા. ૬/૩/૨૦૨૩, સોમવાર ના રોજ યુનિવર્સિટી ખાતે યોજાયેલ હતો. જેમાં કુલાધિપતિશ્રી આચાર્ય દેવવ્રત, અતિથિ વિશેષ તરીકે પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા અને પદ્મશ્રી યજદી કરંજિયા પદવી સમારંભમાં જોડાયા હતા.

જેમાં મહામહિમ કુલાધિપતિશ્રી આચાર્ય દેવવ્રત હસ્તે અફઘાનિસ્તાનની એક વિદેશી વિદ્યાર્થીની મુરાદી રઝીયા અલી ઝફર એ M.A in Public Administaration માં સૌથી વધુ ગુણ (Highest CGPA) મેળવી ગોલ્ડ મેડલ તેમજ પ્રાઈઝ મેળવેલ છે જેનો સંદેશ દેશ–વિદેશમાં પહોંચેલ છે જે યુનિવર્સિટીમાટે ગૌરવની વાત છે. જેમાં રઝિયા મુરાદી એ કહ્યું "હું અફઘાનિસ્તાનની મહિલાઓનું પ્રતિનિધિત્વ કરું છું જેઓ શિક્ષણથી વંચિત છે. હું તાલિબાનને સંદેશ આપવા માંગુ છું કે જો મહિલાઓને તક આપવામાં આવે તો તેઓ કોઈ પણ ક્ષેત્રમાં શ્રેષ્ઠતા મેળવી શકે છે, " આટલું કહી મુરાદીએ સંદેશ અફઘાનના નાગરિક સુધી પહોંચાડયો હતો.

તેમજ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માં M.A in Hindi વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર ચૌધરી જ્યોતિબેન ઇશ્વરભાઈને રૂ. ૧૧,૦૦૦/– અને વસાવા હિતેશભાઈ ગુલાબસિંગભાઈ રૂ. ૭,૫૦૦/– બેંક ઓફ બરોડા 'મેઘાવિ વિદ્યાર્થી સન્માન' તરફથી ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત ના હસ્તે સન્માન પત્ર અને પારિતોષિક આપવામાં આવેલ હતું.









## યુનિવર્સિટીના તેજસ્વી વિદ્યાર્થીઓ PG-GIBioN સ્પર્ધામાં ઝળક્યા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોટેક વિભાગના તેજસ્વી વિદ્યાર્થીઓએ ૪ માર્ચ, ૨૦૨૩ એ ભારત આઝાદી કા અમૃત મહોત્સવ તરીકે સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણી હેઠળ "2nd State Level Inter Collegiate Competition for Post Graduate Students 2023" ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર ખાતે યોજાયેલ હતો તેમાં ભાગ લઈ અને તેમના પ્રદર્શન દ્વારા તેમનાં વિભાગ, યુનિવર્સિટી તથા સુરત શહેરનું ગૌરવ વધાર્યું છે જેમાં એમ.એસ.સી. બાયોટેકનોલોજી સેમ–૮ ના વિદ્યાર્થી ધ્રુવ ચાવડા અને સલોની કવિવાલા એ બાયોટેકનોલોજી લીડ આઈડિયાઝ ટુ સોલ્વ લોકલ પ્રોબ્લેમ્સ માં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો. બાયોટેકનોલોજી વિભાગના અધ્યાપકશ્રી ડૉ. ચિરાગ પ્રજાપતિ તથા વિભાગનાં અધ્યાપકશ્રીઓના માર્ગદર્શન હેઠળ સિદ્ધિ હાંસલ કરવામાં આવી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા બાયોટેક વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. ગૌરવ શાહ તથા અધ્યાપકશ્રી ડૉ. ચિરાગ પ્રજાપતિ અને તમામ શૈક્ષણિક–બિનશૈક્ષણિક કર્મચારીઓએ અભિનંદન કરી તેમનો ઉત્સાહ વધાર્યો અને ભવિષ્યમાં આવી રીતે સફળતાના શિખરો સર કરતા રહે તેવી શુભચ્છાઓ પાઠવી.






## યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી માટે યોગ ગરબા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડા તેમજ કુલસચિવશ્રી રમેશદાન સી. ગઢવીની અધ્યક્ષતામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી માટે યોગ ગરબાનું આયોજન તા. ૦૭ મી માર્ચ, ૨૦૨૩ ના રોજ બપોરે ૧૨:૦૦ થી ૦૧:૩૦ વાગ્યા સુધી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યરત ઈન્સ્ટીટ્યુશન ઈનોવેશન કાઉન્સિલ, આઈડિયા એન્ડ ઈનોવેશન સેલ અને SSIP દ્વારા યુનિવર્સિટીના શ્રીમદ રાજચંદ્ર પ્રાર્થના હોલ ખાતે કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં કુલ ૫૬ કર્મચારી અને ૧૪ ફેકલ્ટીઓ હાજર રહ્યા હતા.

"જીવન એ સ્ત્રી અને પુરુષ વચ્ચેની સ્પર્ધા નથી. તે એક સહયોગ છે." આ સૂત્ર સાથે IIC VNSGU એ ૭ મી માર્ચ ૨૦૨૩ ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવે છે પરંતુ હોળીના તહેવારની રજાના કારણે, VNSGU એ પૂર્વ ઉજવણી કરવાનું આયોજન કર્યું હતું. મહિલાઓની શકિત, જુસ્સો અને હિંમતની ઉજવણી માટે માત્ર એક જ દિવસ. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર યોગ ગરબા નું આયોજન કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ યુવાનોમાં ફિટ, સ્વસ્થ અને રોજિંદા તણાવપૂર્ણ જીવનમાં યોગના મહત્વ વિશે જાગૃતિ ફેલાવવાનો હતો.

યોગ ગરબાની શરૂઆતમાં દરેક વ્યકિતના જીવનમાં યોગના મહત્વ વિશે અને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ વિશે ટૂંકી માહિતી આપી હતી. શ્રી અનિશ રંગરેજ કે જેઓ યોગ ગરબા માટે પ્રોફેશનલ ટ્રેનર છે તેઓ તેમની ચાર ટ્રેનર્સની ટીમ સાથે હાજર રહ્યા હતા. છેલ્લા કેટલાક દાયકાઓમાં, યોગના વ્યાપમાં ઉછાળો આવ્યો છે મેડિકલ પ્રોફેશનલ અને સેલિબ્રિટીઓ પણ યોગના વિવિધ ફાયદાઓને કારણે તેને અપનાવી રહ્યા છે અને તેની નિયમિત પ્રેક્ટિસ કરવાની ભલામણ કરી રહ્યા છે. જ્યારે કેટલાક યોગને માત્ર એમ વધુ પ્રચલિત ફેશન માને છે અને તેને નવા યુગના રહસ્યવાદ સાથે સાંકળે છે, અન્ય લોકો કસરતનું આ સ્વરૂપ કેટલું આશ્ચર્યજનક લાગે છે તેની ખાતરી આપે છે. તેઓ જે સમજી શકતા નથી તે એ છે કે તેઓ જે માત્ર કસરતના અન્ય સ્વરૂપ તરીકે જુએ છે તે તેમને એવી રીતે નફો કરશે જે તેઓએ ક્યારેય કલ્પના કરી ન હોય. યોગ શકિત, સંતુલન અને સુગમતા સુધારે છે. જ્યાં ગરબા એ એક વર્કઆઉટ છે જેનો તમે આનંદ માણી શકો છો, તેમને તમારા હૃદય અને ફેફસાના સ્વાસ્થયને મજબુત કરવામાં મદદ કરી શકે છે, ગરબા એ સંપૂર્ણ શારીરિક વર્કઆઉટ છે, અને તે ધ્યાન અને સંકલનને પણ વધારે છે. યોગ–ગરબા એ યોગ અને ગરબાનો એકંદરે સુંદર સંયોજન છે. તેથી, સંસ્થાની ઈનોવેશન કાઉન્સિલ VNSGU એ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર તેમના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ફરીથી ઉત્સાહિત કરવા માટે યોગ ગરબાનું આયોજન કર્યું. શ્રી અનિશ રંગરેજ અને તેમની ટીમે બધા સહભાગીઓને ગરમ કરવા માટે હળવા વોર્મ–અપ એક્સરસાઈઝ સાથે શરૂઆત કરી અને ત્યારબાદ વિવિધ પ્રકારના ગરબા સ્વરૂપો જેમાં યોગની ક્ષણો પણ છે. યોગ

ગરબા પછી બધા સહભાગીઓ ખરેખર તાજગી અનુભવે છે. યોગ ગરબાના સમાપનમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડા, ઈન્ક્યુબેશન સેન્ટરના સીઈઓ ડૉ. પરેશ પારેખ અને ડૉ. આઈ.બી પટેલ(ભૌતિક વિજ્ઞાનના પ્રોફેસર) દ્વારા યોગ ગરબા ટીમના સભ્યોને સન્માનિત કરવામાં આવ્યા હતા.







### એક દિવસીય બેસિક લાઈફ સપોર્ટના વર્કશોપનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વુમન ડેવલોપમેન્ટ સેલ દ્વારા અર્થશાસ્ત્ર વિભાગના સેમિનાર હોલમાં તા. ૦૯ માર્ચ, ૨૦૨૩ ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઉપક્રમે એક દિવસીય બેસિક લાઈફ સપોર્ટની વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. આ વર્કશોપમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, ડી.બી.આઈ.એમ.ના પ્રોફેસર ડૉ. મનિષા પાનવાલા, શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. મંચ પર ઉપસ્થિત સૌ મહેમાનોનું પુસ્તક આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં જાણીતા ડૉ. પ્રશાંત કારિયા, ડૉ. સલીમ હીરાની, ડૉ. દર્શક માંકડિયા, ડૉ. અશ્વિની શાહ અને ડૉ. પરીશીએ યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાંથી સહભાગી બનેલ વિદ્યાર્થીનીઓ અને અધ્યાપકોને CPR અને બેઝીક લાઈફ સપોર્ટના તાલીમ આપી હતી. આંતરરાષ્ટ્રીય મહિલા દિને સ્ત્રી સશકિતકરણની વાતો કરવા કરતા આવી પ્રત્યક્ષ તાલીમ વધુ ઉપયોગી થાય એવું વુમન ડેવલોપમેન્ટ સેલનું માનવું છે. આકસ્મિક સંજોગો ઉભા થાય ત્યારે આવું કૌશલ્ય પ્રાપ્ત કરેલ હોય એ આજના હાર્ટએટેકના વધતા કિસ્સાઓમાં આવશ્યક છે. જેમાં વુમન ડેવલોપમેન્ટ સેલ નિમિત્ત બન્યું, એનો આનંદ પણ છે અને મહિલા દિવસની ઉજવણીની સાર્થકતા પણ છે.











## શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે કાર્યરત M.Y.S.Y. (Mukhymantri Yuwa Swavalmban Scholarship Scheme) Help Center ની ગુજરાતમાં સર્વશ્રેષ્ઠ કામગીરી બદલ યુનિવર્સિટીના આદરણીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર, M.Y.S.Y. શ્રી પ્રકાશચંદ્ર દ્વારા M.Y.S.Y. verification ની કામગીરી કરનાર કર્મચારીશ્રીઓનું પુસ્તક આપી સન્માન કરવામાં આવેલ હતું.
















## આઈ.સી.ટી. વિભાગના વિદ્યાર્થીઓએ આઝાદી કા અમૃત મહોત્સવ હેકાથોન–૨૦૨૨ ના ગ્રાન્ડ ફિનાલેમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આઈ.ટી.વિભાગના વિદ્યાર્થીઓએ ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા યોજાયેલ રાજ્યકક્ષાના આઝાદી કા અમૃત મહોત્સવ હેકાથોન–૨૦૨૨ ના ગ્રાન્ડ ફિનાલેમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. ગ્રાન્ડ ફિનાલે ૧૦ અને ૧૧ ફેબ્રુઆરીના રોજ યોજાયેલ હતું. યુનિવર્સિટીના આઈ.સી.ટી વિભાગની ટીમનો પ્રોબ્લેમ ફાઈલ ટ્રેકિંગ એન્ડ મેન્ટેન (File Traking and Maintain (Hard Copy) હતો. આ ટીમને ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા રૂ. ૫૦૦૦૦/– પ્રાઇઝ મળનાર છે. આ વિદ્યાર્થીઓએ તેમના વિભાગનું, યુનિવર્સિટીનું તેમજ સમગ્ર ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યું છે. જે વિદ્યાર્થીઓના નામ અલવીશ અરવિંદભાઈ રામાણી M.Sc (IT) સેમેસ્ટર–૮ (ટીમ લીડર), અંજલી જયેશભાઈ પટેલ M.Sc (IT) સેમેસ્ટર–૮,રીતેશ ધનશ્યામભાઈ સુતરીયા M.Sc (IT) સેમેસ્ટર–૮, રાજ રજનકાંત પટેલ M.Sc (IT) સેમેસ્ટર–૮, પ્રિતકુમાર મોહનભાઈ ચકલાસીયા PGDCA આ પાંચ વિદ્યાર્થીઓની ટીમ છે. જેઓના મેન્ટર ડૉ. પાયલ જોશી (આસિસ્ટન્ટ પ્રોફેસર, ડીપાર્ટમેન્ટ ઓફ આઈ.સી.ટી.) હતા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા આઈ.સી.ટી વિભાગના વડા ડૉ. પુષ્પલ દેસાઈ એ આ સમગ્ર ટીમને પુસ્તક દ્વારા અભિનંદન પાઠવ્યા અને તેઓને ઉત્સાહ વધાર્યો તથા ભવિષ્યમાં આવી રીતે સફળતાના શિખરો સર કરતા રહે તેવી શુભેચ્છાઓ પાઠવી.


















## યુનિવર્સિટીના વિભાગો ખાતે એલ્યુમની મીટ અને ડિગ્રી વિતરણનો કાર્યક્રમ યોજાયો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોટેકનોલોજી વિભાગ દ્વારા તા. ૧૩ માર્ચ, ૨૦૨૩ ના રોજ બાયોટેકનોલોજી વિભાગના ઓડીટોરીયમ હોલ ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘની બેઠક (એલ્યુમની મીટ) અને પદવી (ડિગ્રી) વિતરણનો કાર્યક્રમ બપોરે ૦૨ થી ૦૪ વાગ્યા દરમિયાન યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બાયોટેકનોલોજી વિભાગમાં ચાલતા વિવિધ કોર્ષોમાંથી એમ.એસ.સી. બાયોટેકના ૩૧ વિદ્યાર્થીઓ, બી.એસ.સી. બાયોટેકના ૧૦ વિદ્યાર્થીઓ, બી.એસ.સી. માઈક્રોબાયોલોજીના ૦૮ વિદ્યાર્થીઓ અને પીજી ડીપ્લોમાંના ૦૧ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના એલ્યુમીની પોર્ટલમાં રજીસ્ટ્રેશન પણ કરાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાયોટેકનોલોજી વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ.ગૌરવ શાહ, એલ્યુમની કો–ઓર્ડિનેટર ડૉ. મયુરી સી. રાઠોડ, વિભાગના અન્ય અધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

વધુમાં તારીખ ૧૩ માર્ચ, ૨૦૨૩ ના રોજ ભૌતિકશાસ્ત્ર વિભાગ, સમાજશાસ્ત્ર વિભાગ, આંકડાશાસ્ત્ર વિભાગ તથા બાયોસાયન્સ વિભાગમાં પણ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘની બેઠક (એલ્યુમની મીટ) અને પદવી (ડિગ્રી) વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. સદર કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ.રમેશદાન સી. ગઢવીની ઉપસ્થિતિ અને સતત માર્ગદર્શન મળતું રહ્યું.






GPS Map
Camera Lite


VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
DEPARTMENT OF PHYSICS
DEGREE CERTIFICATE DISTRIBUTION
CEREMONY
AND ALUMINI MEET
(2021-2022)


GPS Map
Camera Lite


VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
DEPARTMENT OF PHYSICS
DEGREE CERTIFICATE DISTRIBUTION
CEREMONY


Department of Biotechnology
Veer Narmad South Gujarat University, Surat
Organizes
ALUMNI MEET
DISTRIBUTION OF DEGREE


Department of Biotechnology
Veer Narmad South Gujarat University, Surat
Organizes
ALUMNI MEET
DISTRIBUTION OF DEGREE


Department of Biosciences


Department of Biotechnology
Veer Narmad South Gujarat University, Surat
Organizes
Patron:
Co-Patron:


Department of Biosciences






## યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ આંતર કોલેજ કબડ્ડી ભાઈઓની સ્પર્ધામાં ઝળકયા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન શ્રી વમળનાથ સેવા ટ્રસ્ટ સંચાલિત શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટ્સ અને કોમર્સ અંકલેશ્વર દ્વારા આયોજિત આંતર કોલેજ કબડ્ડી ભાઈઓ સ્પર્ધાનું આયોજન ભરૂચ મુકામે તા. ૧૯ માર્ચ, ૨૦૨૩ ના રોજ યોજવામાં આવેલ હતું. સ્પર્ધામાં વિવિધ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. જેમાં આપણી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની કબડ્ડીની ભાઈઓની આંતર કોલેજ કબડ્ડી રમવા માટે ભરૂચ મુકામે ગઈ હતી. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની કબડ્ડીની ભાઈઓની ટીમે બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે.

આ ટીમની ઉત્કૃષ્ટ સિદ્ધિ થકી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું નામ રોશન કરવા બદલ યુનિવર્સિટી માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, નિયામકશ્રી પોલ ડેવિડ, બોર્ડ ઓફ સ્પોર્ટ્સના સભ્યશ્રીઓ તેમજ સેનેટ–સિન્ડિકેટ સભ્યશ્રીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

















## યુનિવર્સિટી આર્કિટેકચર વિભાગનો ભારતીય રાજપત્ર(ગેઝેટ) માં સમાવેશ

હજારો વર્ષનો પ્રાચીન ઈતિહાસ ધરાવતા દેશના સાંસ્કૃતિક વિરાસત પ્રદર્શિત કરતા બાંધકામોના સંરક્ષણ તથા રખરખાવ માટે કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ મોન્યુમેન્ટ્સ ઓથોરીટીની સ્થાપના કરવામાં આવેલ છે. આ ઓથોરીટી ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ કલ્ચર અંતર્ગત કામગીરી કરે છે. વધતા જતા શહેરીકરણ તેમજ ઐતિહાસિક સ્મારકોની આજુબાજુ ગમે તેવું હેફેઝાડ બાંધકામ થવાથી આપણી ઐતિહાસિક ધરોહરને સતત નુકશાન થતું રહેતું હોય છે. આ નુકશાન અટકાવવા માટે યોગ્ય નીતિ નિયમો બનાવવા જરૂરી છે. આ પ્રકારના સ્મારકોનો રખરખાવ સારીરીતે થાય તે માટેનાં જુદા જુદા પ્રોજેક્ટ તૈયાર કરવા અને અન્ય જરૂરી પગલા લેવાની કામગીરી માટે કેન્દ્ર સરકાર દ્વારા તા. ૨૪/૦૩/૨૦૨૩ના ગેઝેટ નોટીફીકેશન દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ કુલ ૨૪ સંસ્થાઓને જે પૈકી ગુજરાતની ફક્ત ૩ સંસ્થાઓને નોટીફાય કરવામાં આવી છે. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આર્કિટેકચર વિભાગનો સમાવેશ થાય છે.

વિકાસને નિયંત્રણમાં લાવવાના હેતુથી નેશનલ મોન્યુમેન્ટ્સ ઓથોરીટી દ્વારા ૨૦૧૦ માં એએમએએસઆર એક્ટની જોગવાઈ થઈ હતી. તેમજ એનએમએ અને કોમ્પીટન્ટ ઓથોરીટી દ્વારા ઐતિહાસિક ભવનોની આજુબાજુમાં વિકાસ દરમિયાન ઐતિહાસિક વારસો જળવાય રહે તે માટે ડેવલપર દ્વારા કોમ્પીટન્ટ ઓથોરીટીમાં આ અંગે નિયત થયેલા નિયમોનું પાલન થાય તે રીતે વિકાસ માટે પરવાનગી લેવાની ફરજીયાત રહેશે અને તેને અનુરૂપ જ વિકાસની પરવાનગી મળી શકશે. જેથી પ્રતિબંધિત અને નિયંત્રિત વિસ્તારોમાં ઐતિહાસિક ધરોહર જળવાય રહે અને આવતા દિવસોમાં સમગ્ર પશ્ચિમ ભારતમાં હવે તમામ કોમ્પીટન્ટ ઓથોરીટી સાથે યુનિવર્સિટીનો આર્કિટેકચર વિભાગ ખભેખભો મિલાવીને કામ કરશે, જે સમગ્ર ગુજરાત માટે ગૌરવની બાબત છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા સમગ્ર યુનિવર્સિટી પરિવારે આર્કિટેકચર વિભાગના વડાશ્રી રાજેશ મહેતા અને વિભાગના શૈક્ષણિક–બિનશૈક્ષણિક સભ્યોને અભિનંદન પાઠવ્યા.

## યુનિવર્સિટીના પરીક્ષા ભવન ખાતે લિફટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા ભવન ખાતે નવી લીફટનું ઉદઘાટન તા. ૨૭ માર્ચ ૨૦૨૩ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ ના વરદ હસ્તે કરવામાં આવ્યું તથા યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી, સિન્ડીકેટ સભ્યશ્રીઓ તથા સેનેટ સભ્યશ્રીઓ, પરીક્ષા ભવનના પરીક્ષા નિયામકશ્રી તથા વડાશ્રીઓ, તથા વિભાગીય વડાશ્રીઓ, શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ હાજર રહ્યા હતા ઉપરાંત વહીવટી મંડળના પ્રમુખ અશ્વિનભાઈ શંકર, પરીક્ષા ભવનમાંથી માલ્કમ ગ્યારા ગુણવંતભાઈ ટંડેલ, બાંધકામ વિભાગમાંથી મનીષભાઈ પટેલ વગેરે દિવ્યાંગ કર્મચારી તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

આ લિફટનો મુખ્ય હેતું પરીક્ષા ભવન ખાતે આવનાર દિવ્યાંગ કર્મચારીઓ/વિદ્યાર્થીઓ તથા વયસ્ક વાલીઓ માટે ઉપયોગી બને તેવો છે સદર લિફટ G+20 ના પરીક્ષા ભવનમાં ઉપયોગી બની રહેશે.





## Run for Environment and Climate

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં G20 અંતર્ગત Run for Environment and Climate વિષયના અનુસંધાનમાં સરકારશ્રીના સુચન અનુસાર તા.૨૮/૦૩/૨૦૨૩ના રોજ હાફ મેરાથોનનું આયોજન સવારે ૭:૦૦ કલાકે યુનિવર્સિટી પરિસર ખાતે કરવામાં આવેલ હતું, જેમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સિન્ડીકેટ સભ્યશ્રીઓ, સેનેટ સભ્યશ્રીઓ, યુ.ક. અને શા.શિ. વિભાગના નિયામકશ્રી, બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્યશ્રીઓ, તમામ વિભાગના વડાશ્રીઓ, પ્રધ્યાપકો તથા અધિકારીઓ સાથે તમામ વિભાગના અંદાજીત ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફના સભ્યોએ હાજર રહીને સદર આયોજનને સફળ બનાવવામાં યોગદાન આપ્યું હતું. જેમાં પ્રથમ ક્રમાંક પર કોકાની નરેશભાઈ વિજેતા થયા હતા. આ વિજેતા વિદ્યાથીને યુનિવર્સિટીના મા.કુલપતિશ્રી અને કુલસચિવશ્રીએ પ્રોત્સાહિત કર્યા હતા.

## Department of Biotechnology

### "Khelo India Women's Yogasana League" Competition માં બ્રોન્ઝ મેડલ મેળવ્યો




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોટેક વિભાગની એમ.એસ.સી. સેમ–૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની મિસ રીકલ ગજ્જરએ ૧૧ માર્ચ, ૨૦૨૩ ના રોજ કોમ્યુનિટી હોલ, ઉમરા ખાતે યોજાયેલી "Khelo India Women's Yogasana League" Competition માં ભાગ લીધો હતો. જેમાં મિસ રીકલ ગજ્જરએ સુરતમાં ત્રીજું સ્થાન હાંસલ કર્યું હતું અને બ્રોન્ઝ મેડલ મેળવ્યો. તેઓ તેમના વિભાગનું, યુનિવર્સિટીનું તથા આપણા ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યું છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા બાયોટેક વિભાગના કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. ગૌરવ શાહ તથા તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ સભ્યોએ વિદ્યાર્થીનીને શુભકામનાઓ પાઠવી તેમનો ઉત્સાહ વધાર્યો અને ભવિષ્યમાં આવી રીતે સફળતાના શિખરો સર કરતા રહે તેવી શુભેચ્છાઓ પાઠવી.





KHELO INDIA
10 KA DUM

Certificate No: 035

Certificate of Merit

This is to certify that Ms. RINKAL HITESHBHAI GAJJAR

D.O.B 16/01/2001 Daughter/wife of

Has Secured / Participated in Traditional Yogasana / Artistic Yogasana (Single) In Under 18 / Above 18 and Achieved 3rd Position at Surat (Gujarat) on 11th March 2023.

Dr. CV Jayanthy
Competition Manager - Yogasana
(National Level)
National Yogasana Sports Federation

Dr. Arti Pal
Competition Director - Yogasana
(National Level)
National Yogasana Sports Federation

Manikant Sharma
Regional Director, Sports Authority of India
N.S Western Regional Centre,
Gandhinagar, Gujarat



## Department of Chemistry

### એકસપર્ટ લેકચર સિરિઝ

G-20 ના ઉપક્રમે રસાયણશાસ્ત્ર વિભાગ દ્વારા એકસપર્ટ લેકચર સિરિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલપપિશ્રી ડૉ. કે. એન. ચાવડાએ પ્રાસંગિક ઉદબોધન કરી લેકચર સિરિઝનું ઉદઘાટન કર્યું હતું. વિભાગીય વડા પ્રાસંગિક ઉદબોધન કરી લેકચર સિરિઝનું ઉદઘાટન કર્યું હતું. વિભાગીય વડા ડૉ. સૌરભબહેન પટેલે કુલપતિશ્રી અને રિસોર્સ પર્સનનું શાબ્દિક અને મોમેન્ટો આપીને સ્વાગત કર્યુ. રિસોર્સ પર્સન તરીકે ડૉ. પ્રણવભાઈ શ્રીવાસ્તવ, વિભાગીય વડા, રસાયણશાસ્ત્ર વિભાગ ગુજરાત યુનિવર્સિટી અમદાવાદએ 'Greenness Metric Tools for Sustainable Method Development' પર વ્યાખ્યાન આપ્યું હતું. બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. પ્રવિણ દુધાગરાએ 'Impect of the Covid 19 Pandemic' પર વ્યાખ્યાન આપ્યું હતું. વિદ્યાર્થીઓએ સક્રિય રીતે લેકચર સિરિઝમાં ભાગ લીધો હતો. વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. કિશોર ચીખલીયાએ આભારવિધિ કરી હતી.




















## ઓદ્યોગિક એકમોની મુલાકાત બાબત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન રસાયણશાસ્ત્ર વિભાગમાં ફાર્માસ્યુટિકલ કેમેસ્ટ્રીમાં અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થીઓ વિભાગ સંલગ્ન શિક્ષકો સાથે તા. ૧૯ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ ત્રણ ઔદ્યોગિક એકમોની મુલાકાત કરી હતી. સૌ પ્રથમ અંકલેશ્વર જી.આઈ.ડી.સી. મુકામે સ્થિત સુયોગ લાઈફ સાયન્સ ની મુલાકાત કરવામાં આવી હતી. સુયોગ લાઈફ સાયન્સ ની મુલાકાત દરમિયાન સંસ્થાના એચ.આર. એ ખુબ જ સારો પ્રતિભાવ આપી એકમ વિશેની પ્રાથમિક સમજ પુરી પાડી હતી. સંસ્થાના મુખ્ય Research & Development (R&D) કેમેસ્ટ દ્વારા સંસ્થાની R&D લેબોરેટરીની મુલાકાત દરમિયાન રિસર્ચને સંલગ્ન સાધનો, Quality Control Labortory અને HPLC, GC, IR જેવા સાધનોની ખૂબ જ સારી રીતે સમજ પૂરી પાડી હતી. સંસ્થાના પ્રોડકશન પ્લાનટમાં કાચા માલથી શરૂ કરી અંતિમ પ્રોડકટ કઈ રીતે બનાવવામાં આવે છે તે સમજ ખૂબ જ સ્પષ્ટ રીતે પૂરી પાડવામાં આવી હતી. Apex Health Care માં સલામતીના પગલાં અને નડતરરૂપ મુશ્કેલીઓમાંથી કઈ રીતે બહાર આવી શકાય તે તમામ બાબતોનું જ્ઞાન સંસ્થા દ્વારા આપવામાં આવ્યું હતું. ત્યારબાદ J.B. Chemicals & Pharmaceutical Ltd. ના ફોર્મ્યુલેશન પ્લાન્ટ ની મુલાકાત કરી હતી. જે માટે માસ્ક, હેર, કેપ તેમજ લેબકોટ સંસ્થા દ્વારા પુરું પાડવામાં આવ્યું હતું. ટેબલેટ નો આકાર, સાઈઝ, ડોસેજ ફોર્મ, સીરપ તૈયાર કરવા, દવા પેક કરવી અને તેને માર્કેટમાં કઈ રીતે મોકલાવવામાં આવે છે. આ તમામ બાબતોનું વિશદ જ્ઞાન આપવામાં આવ્યું હતું.

## Department of Interior Design

### "Introduction to Bamboo" નેશનલ વર્કશોપ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે આવેલ ડીપાર્ટમેન્ટ ઓફ ઇન્ટેરિઓર ડીઝાઈન અને નવસારીમાં કાર્યરત કૃષિ યુનિવર્સિટીના કોલેજ ઓફ ફોરેસ્ટ્રી દ્વારા કાર્યરત ડેવલોપમેન્ટ ઓફ બામ્બુ રીસોર્સ સેન્ટર દ્વારા સંયુક્ત પણે તા.૨૪ અને ૨૫ ફેબ્રુઆરી, બે દિવસીય 'Introduction to Bamboo' નેશનલ વર્કશોપનું આયોજન નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબએ આપેલ આ નવીનતમ વિચાર પર અમલ કરી અને તેમના માર્ગદર્શન હેઠળ આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, કૃષિ યુનિવર્સિટી, નવસારીના માનનીય કુલપતિશ્રી ડૉ. ઝેડ.પી.પટેલ, ઈન્ટીરિઓર ડીઝાઈનના કો-ઓર્ડિનેટરશ્રી મેહુલ પટેલ તથા G-20 અને વર્કશોપના કો-ઓર્ડિનેટરશ્રી અંકિત ચાંગવાલાના માર્ગદર્શન અને સહયોગથી આ વર્કશોપ કરવામાં આવ્યો. જેમાં પ્રથમ દિવસે નવસારી એગ્રીકલચર યુનિવર્સિટીના અધ્યાપકશ્રી અંકિત ચાંગવાલા દ્વારા સબ્જેકટ એકસપર્ટ તરીકે પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને બામ્બુની વિવિધ પ્રજાતિઓ અને તેની લાક્ષણિકતાઓ અને ઉપયોગ વિશે તેમજ બામ્બુની વિવિધ સ્પેસીસ(પ્રજાતિઓ) માંથી તેમને આકારો (ફોર્મ જેનેરેશન) કેવી રીતે થઈ શકે અને તેના પરિબળો ઉપર ચર્ચાઓ થઈ. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા બામ્બુ રિસોર્સ સેન્ટરની મુલાકાત લઈ વિવિધ સ્પેસીસથી રૂબરૂ થયા. ભોજન કર્યા બાદના સેશનમાં વિદ્યાર્થીઓએ બેઝિક ટૂલ્સ એન્ડ ટેકિનકસ શીખ્યા અને બીજા દિવસે બામ્બુ સ્પેસીસની લાક્ષણિકતાઓને ધ્યાનમાં રાખીને પ્રોડકટ આઈડિયાને કર્યા અને ત્યારબાદ તે અંગે હેન્ડ ટૂલ્સ એન્ડ મિકેનિકલ ટૂલ્સનો ઉપયોગ કરી તેમનાં આઈડિયાને પરિણમિત કર્યા. જેમાં અન્ય સબ્જેકટ એકસપર્ટ તરીકે જેનિશ વાઘ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું અને ફેકલ્ટી વોલેંટિયર તરીકે જીમીશા શાહ દ્વારા યોગદાન પૂરું પાડવામાં આવ્યું. આ વર્કશોપમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ દ્વારા વર્કશોપના અનુભવોને તેમના શબ્દોમાં રજૂ કર્યા અને મુલ્યવાન પ્રતિભાવો આપવામાં આવ્યા, BID સેમ-૪ ની વિદ્યાર્થીની દવે નીપા વિજયકુમાર એ કહ્યું કે, અમે વાંસના પ્રકારો અને તેની સાથે કેવી રીતે કામ કરી શકીએ અને વિવિધ ઉત્પાદનો બનાવી શકીએ તે વિશે ઘણું શીખ્યા. વાંસ એક કુદરતી સામગ્રી હોવાને કારણે હવે તેની માંગ છે અને તેની જરૂરિયાત આજકાલ વધી રહી છે અને આ વર્કશોપમાંથી અમે શીખ્યા કે આપણે વિવિધ ક્ષેત્રોમાં વાંસનો ઉપયોગ કેવી રીતે કરી શકીએ. BID સેમ-૨ નો વિદ્યાર્થી પ્રીતમ તપન મહારાણા એ કહ્યું કે અમે ખરેખર ભાગ્યશાળી છીએ કે અમે આ અદ્દભૂત વાંસ વર્કશોપનો ભાગ બન્યા. અમે વાંસની વિવિધ જાતો અને તેમના ઉપયોગ વિશે ઘણું શીખ્યા. ખૂબ જ સલામત અને ટકાઉ સ્ત્રોતની શોધખોળ કરવાનો ખરેખર સરસ અનુભવ હતો. BID સેમ-૪ ના વિદ્યાર્થીએ કહ્યું કે, આ વર્કશોપમાંથી આપણે શીખ્યા કે કેવી રીતે આપણે વિવિધ ઉત્પાદનો અને ફર્નિચરમાં વાંસનો ઉપયોગ કરી શકીએ છીએ. વાંસ એક કુદરતી સામગ્રી હોવાને કારણે હવે તેની માંગ છે અને તેથી તેની જરૂરીયાત આજકાલ વધી રહી છે જે ચોક્કસપણે અમને મદદ કરશે. અમે ત્યાં વાંસની ઘણી વિવિધ જાતો જોઈ. તે ખૂબ માહિતીપ્રદ વર્કશોપ હતી. BID સેમ-૨ ની વિદ્યાર્થીની રિયા રાદડિયા દિનેશભાઈ એ કહ્યું કે, આ વર્કશોપનો એક ભાગ હોવાનો અદ્ભુત અનુભવ હતો. અમે વાંસની વિવિધ પ્રજાતિઓ અને તેમના ઉપયોગો અને તેમની સાથે કેવી રીતે કામ કરવું તે વિશે અભ્યાસ કર્યો. આ દ્વારા અમને વાંસ વિશે વધુ જાણવાનો ઉત્સાહ મળ્યો. ઉપરાંત, આ વર્કશોપમાં ઘણું બધું નવું નવું શીખ્યું અને આઈડિયા દ્વારા તેને આકર્ષિત રીતે તૈયાર કર્યું.



















## Industrial Visit

Students of department of Bachelor of Interior Design of Veer Narmad South Gujarat University are often given practical knowledge through various site visits. For material exploration, students are often taken to factories to understand the materials deeply and the manufacturing process in detail.

Recently, on 6th August, 2022 students of semester 5th of Interior Design Department were taken for an industrial visit as a part of curriculum of elective- product design and technology subject led by the faculties- Prof. Ankit Changawala and Mr. Jenish Vagh to Royal Plastomech to understand the manufacturing through molding of plastic and rubber products. From the basic hand molding techniques to the modern injection molding techniques were practised there.






Mr Hitesh bhai, the owner of Royal Plastomech studied mechanical engineer. Thereafter, he worked for 3 years at different places and took various experiences. When he started his factory, he had no experience with plastic. He started with manual machines. He appointed three skilled labours and from there. Today he works with semi automatic and automatic injecting machines which results in mass production. He has a staff of 27 people. He even designs and manufactures the moulds. He manufactures plastic specs frames, various machinery parts required in textile and yarn preparatory machines.






**MOULDS:**

The moulds required for manual moulding as well as injection moulding are firstly designed in a software called NX according to the requirements. Thereafter, 3D model is made with the help of 3D printing. Today, 3D printing has reached that technology which gives required finish. Looking at the 3D model, required changes are made and thereafter, final mould from metal is made. For subtracting the metal for mould, VMC and CNC machine is used. If two moulds are combined, 30 mm space is left between two. A mould cost starts from Rs 20000 which reach upto Rs 3 lakh. The mould is mirror polished.





**RAW MATERIAL:**

He generally uses engineering plastic as raw material. The following are the materials he uses:

Nylon (where lubrication is required), Cast nylon and reinforces nylon which consist of 30% glass (rigid),

Polycarbonate (transperant and durable than acrylic),

Pom (less thermal conductivity and insulates electricity)

Masterbatch which consist of concentrated pigments and general use plastic (adds colour)










**MACHINERY AND MANUFACTURING PROCESS:**

The basic machine they had was the hand moulding machine. The workers for hand moulding are well skilled.

The raw material is passed through 250-270 degree Celsius temperature.

The temperature of heating depends on the raw material used.

All the moulded products are immediately soaked in water to prevent shrinkage of product and to maintain its strength.



Thereafter, semi automic machine was in use. Only the raw material was to be added manually in the opening at top. The material gets heated and injected in the mould directly by the system.

Thereafter, product is removed manually from the mould.

All the moulded products are immediately soaked in water to prevent shrinkage of product and to maintain its strength.



The latest machine used is automatic machine. It is sensor based machine. It can manufacture 8000 pieces per day. The material here is preheated in oven and then it moves to the machine. The product from the mould is also automatically removed by the machine.

The wasted material is reused by melting or sold to reuse for compression moulding method.



## Department of Fine Arts

### પુલવામાં શહીદોને શ્રધ્ધાંજલિ સ્વરૂપ ભગવાન બુધ્ધની જાતક કથાનું પ્રદર્શન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે ચાલતા ફાઈન આર્ટસ વિભાગમાં G20ના ભાગ રૂપે તા. ૧૪/૦૨/૨૦૨૩નાં રોજ પ્રથમ વર્ષના અપ્લાઈડ આર્ટ, પેઈન્ટીગ અને સ્કલ્પચરના ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. ભારત વર્ષ એ અનેક શહીદો તથા સંતો દ્વારા મળેલી જીવંતભુમિ છે જે આપણી વચ્ચે હાજર ભલે નથી પરંતુ તેની શીખ અને વિચાર હંમેશા આપણા જીવનમાં ફુલોની સુગંધ સમાન છે. ભગવાન બુધ્ધના જીવનને દર્શાવતી બૌધ્ધ કથાઓથી શીખ લઈ પેઈન્ટીગ, ગ્રાફીકસ તથા મેટલ કાસ્ટીગ દ્વારા અનેક નરેશનોનું અદ્દભુત ચિત્ર પ્રદર્શન કિનલ આર. પટેલના માર્ગદર્શન હેઠળ થયું. આ જાતક કથાઓને જોવા માટે યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી ડો. કિશોરસિંહ એન. ચાવડા, ફાઈન આર્ટસ વિભાગના કો–ઓર્ડિનેટર શ્રી મેહુલ પટેલ, ડેપ્યુટી જનરલ રજીસ્ટ્રાર દિપેશ પટેલ અને RIS ઓફીસર રાહુલ રંજન સાહેબ હાજર રહ્યા હતા.















### 'નવનિધિ' નાટય કૃતિની રજુઆત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવસિટી ખાતે ચાલતા ફાઈન આર્ટસ વિભાગમાં G20ના ભાગ રૂપે તા. ૧૪/૦૨/૨૦૨૩નાં રોજ એક અનોખી "નવનિધિ" નાટય કૃતિની રજુઆત ૪૦ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી. જેમાં એક કલાકાર અને તેની સાથે રોજીંદા જીવનમાં ચાલતા ઉતાર ચઢાવના અનેક ભાવો જેમકે શ્રીગાર, અદ્દભુત, ભયાનક, વિભત્સ્યા, શાંત, હાસ્ય જેવા અનેક રસોની રજૂઆત થઈ.

વિદ્યાર્થીઓએ ભરતમુનિ દ્વારા રચિત નાટયશાસ્ત્રમાંથી લીધેલ નવરસોનું અદ્દભુત વર્ણન કરી આજના લોકજીવનને જાગૃતતા તરફ લઈ જવાનો પ્રયાસ કર્યો. આ નાટય કૃતિની રજુઆત કિનલ આર. પટેલ તથા G20 કો–ઓર્ડિનેટર કૃતિ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. આ નાટય કૃતિને નિહાળવા યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી ડો. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ, ફાઈન આર્ટસ વિભાગના કો–ઓર્ડિનેટર શ્રી મેહુલ પટેલ, ડેપ્યુટી જનરલ રજીસ્ટ્રાર દિપેશ પટેલ અને ચયક ઓફીસર રાહુલ રંજન સાહેબ હાજર રહ્યાં હતા.





















## Fluid to Form પ્રદર્શનનું આયોજન



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ફાઈન આર્ટસ વિભાગ દ્વારા G20 હેઠળ, તારીખ ૨૫/૦૧/૨૦૨૩ થી ૧૧/૦૨/૨૦૨૩ સુધી Fluid to Form (ફ્લુઈડ ટુ ફોર્મ)" વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 2nd વર્ષ પેઇન્ટિંગ ના ૩૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા રેઝિન તથા બીજા ઘણા કેન્ટેમ્પરરી મીડીયમ નો ઉપયોગ કરી વિવિધ આર્ટની પ્રતિકૃતિ બનાવી હતી. રેઝીન માંથી પ્રોડકટીવીટી કામ થાય છે પરંતુ 2nd વર્ષ પેઈન્ટિંગ ના વિદ્યાર્થીઓ દ્વારા એને એક આર્ટ માધ્યમ તરીકે ઉપયોગ કરવામાં આવ્યું જે ખુબ જ સરાહનીય છે.

રેઝીન આર્ટ એ એક પ્રકારનું આર્ટવર્ક છે જેમાં કલાત્મક ડિઝાઈનની વિશાળ શ્રેણી બનાવવા માટે એક માધ્યમ તરીકે ઈપોકસી રેઝિનનો ઉપયોગ કરવાનો સમાવેશ થાય છે. રેઝિન એ બે ભાગની પ્રવાહી સામગ્રી છે જે એકસાથે મિશ્રિત થાય ત્યારે ટકાઉ અને ચળકાત પૂર્ણાહુતિમાં સખત બને છે. પરિણામી રેઝિનને વિવિધ રંગોથી ટિન્ટ કરી શકાય છે અને તે નો ઉપયોગ અમૂર્ત અને જટીલ ડિઝાઈન શ્રેણી બનાવવા માટે થાય છે.

રેઝિન આર્ટ વિવિધ તકનીકોનો ઉપયોગ કરીને બનાવી શકાય છે જેમ કે રેડવું, ટપકવું અથવા પેઈન્ટિંગ કલાકારો અનન્ય અને આકર્ષક ડિઝાઈન બનાવવા માટે અન્ય સામગ્રી જેમ કે ચમકદાર, રંગદ્રવ્ય પાવડર અથવા સૂકા ફૂલો ઉમેરી શકે છે. રેઝિન આર્ટ બનાવવાની પ્રક્રિયા તદ્દન અવ્યવસ્થિત હોઈ શકે છે અને તેને સારી રીતે વેન્ટિલેટેડ જગ્યાની જરૂર પડે છે કારણકે રેઝિન ઉપચાર પ્રક્રિયા દરમિયાન ધૂમાડો છોડી શકે છે.

રેઝિન આર્ટ તેની વૈવિધ્યતા અને ટકાઉપણું ને કારણે તાજેતરના વર્ષોમાં વધુને વધુ લોકપ્રિય બની છે. તેનો ઉપયોગ જ્વેલરી, વોલ હેંગિંગ્સ અને ફર્નિચર જેવા કલાના ટુકડાઓની વિશાળ શ્રેણી બનાવવા માટે થઈ શકે છે. ફિનિશ્ડ આર્ટ વર્ક સામાન્ય રીતે ગ્લોસી અને સ્મૂધ હોય છે, જે તેને એક અનોખી અને આકર્ષક અપીલ આપે છે.

તારીખ ૧૩/૦૨/૨૦૨૩ ના રોજ વિદ્યાર્થીઓ દ્વારા બનાવાયેલી વિવિધ આર્ટની પ્રતીકૃતિઓ નું પ્રદર્શનનું ઉદ્ઘાટન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ના માનનીય વાઈસ ચાનસેલર શ્રી કિશોરસિંહ એન ચાવડાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ ઉદ્ઘાટન સમારંભ દરમિયાન કો–ઓર્ડિનેટર શ્રી મેહુલ પટેલ, ફિજીક્સ વિદ્યાશાખા ના હેડ શ્રી ડૉ. કે.સી.પોરીયા તેમજ રજિસ્ટ્રાર શ્રી ડૉ.આર સી.ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થી મયંક શર્મા દ્વારા બનાવેલ એક કૃતિ નું વેચાણ થવા પામ્યું હતું. આ વર્કશોપ ની તાલીમ અને માર્ગદર્શન માનસી ચાંદીવાળા દ્વારા આપવામાં આવ્યું હતું.


















ધબકાર

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ફાઇન આર્ટ્સ વિભાગ દ્વારા G20 હેઠળ ફ્લુઈડ ટુ ફોર્મ વર્કશોપ યોજાયો

ધબકાર પ્રતિનિધિ, સુરત, તા.૧૩

વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીના ફાઈન આર્ટસ વિભાગ દ્વારા તા.૨૫ જાન્યુઆરી થી ૧૧મી ફેબ્રુઆરી દરમિયાન ફ્લુઈડ ટુ ફોર્મ વર્કશોપનું આયોજન કરાયું હતું. સમગ્ર વર્કશોપનુ માર્ગદર્શન અને તાલીમ આપનારા માનસી ચાંદીવાળાએ જણાવ્યું હતું કે બીજા વર્ષના પેઈન્ટીંગના ૩૦ જેટલાં વિદ્યાર્થીઓ દ્વારા રેઝિન તથા બીજા ઘણાં કેન્ટેમ્પરરી મિડીયમનો ઉપયોગ કરી વિવિધ આર્ટની પ્રતિકૃતિ બનાવી હતી. જ્યારે ઈપોક્સી નામના રસાયણને વિવિધ રંગો અને રંગદ્રવ્યો સાથે જોડીને સુંદર પેટર્ન અને ડિઝાઈનો તૈયાર કરાઈ હતી. ગત તા. ૧૩મી ફેબ્રુઆરીના રોજ વિદ્યાર્થીઓ દ્વારા બનાવાયેલી વિવિધ આર્ટની પ્રતિકૃતિઓ પ્રદર્શનમાં મૂકાઈ હતી જેનું ઉદઘાટન વાઈસ ચાન્સેલર કિશોરસિંહ ચાવડાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ ઉદઘાટન સમારોહ દરમિયાન કો-ઓર્ડિનેટર મેહુલ પટેલ, ફિઝીક્સ વિદ્યાશાખાના હેડ કે.સી પોરીયા તથા રજીસ્ટ્રાર ડો આર.સી ગઢવી હાજર રહ્યાં હતાં. આ પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થી મયંક શર્મા દ્વારા બનાવાયેલી એક કૃતિનું વેચાણ થયું હતું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ફાઇન આર્ટ્સ વિભાગ દ્વારા જી-૨૦ હેઠળ ફ્લુઇડ ટુ ફોર્મ વર્કશોપ યોજાયો હતો. (તસવીર : વિજયસિંહ રાઠોડ)

ઉધના ઉદ્યોગ નગરના ખાતામાંથી



## ફાઈન આર્ટસ વિભાગમાં Seminar (Artist Meet)નું આયોજન થયું હતું

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે ચાલતા ફાઈન આર્ટસ વિભાગમાં એપ્લાઇડ આર્ટ ડિપાર્ટમેન્ટમાં શૈક્ષણિક કાર્યક્રમના ભાગરૂપે તા.૧૧/૦૨/૨૦૨૩ નાં રોજ Seminar (Artist Meet) on Indian Traditional Folk Art Pithora Painting, Indian Art Culture G20 India આયોજન કરવામાં આવેલ હતું. તા. ૧૧/૦૨/૨૦૨૩ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી સાહેબ દ્વારા આ Seminar(Artist Meet) નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ Seminar (Artist Meet) ફાઈન આર્ટસ વિભાગના કો–ઓર્ડિનેટરશ્રી મેહુલ પટેલ, આસિ. પ્રોફેસર કૃતિ ગમન પટેલ, G20 કો–ઓર્ડિનેટર, મિલન પરમાર, આસિસ્ટન્ટ કયુરેટર છોટાઉદેપુર સંગ્રહાલય અને ભુવનસિંહ રાઠવા, પિથોરા ચિત્રકલાકારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. મિલન પરમાર અને ભુવનસિહ રાઠવાએ વિદ્યાર્થીઓને પિથોરા પેઈન્ટીગ કરવાની રીત શીખવી હતી અને વિદ્યાર્થીઓએ એ શૈલીથી પેઇન્ટીગ બનાવી હતી.

સાંસ્કૃતિક અર્થવ્યવસ્થાનો ઉદય– એક નવતર દ્રષ્ટિ સાઉદી અરેબિયાની ગજમાની હેઠળ G20 સંમેલનમાં પોલિસી ચર્ચાઓમાં વૈશ્વિક અર્થવ્યવસ્થામાં સંસ્કૃતિના ફાળાની મહત્તાને સૌ પ્રથમ વાર સ્વીકારવામાં આવી. પિથોરા ચિત્રકલામાં રાઠવા, ભીલ એન્ડ બિલાલ સમુદાયના લોકો

દ્વારા ધાર્મિક વિધિ અનુસંધાને દિવાલો પર ચિત્રણ કરાય છે. ઉપરાંત પિથોરા એ ગુજરાત અને મધ્ય પ્રદેશમાં લગ્ન અને શુભ પ્રસંગોના હિન્દુ દેવતાનું નામ પણ છે. પરંપરાગત વ્યવસાય તરીકે પેઢી દર પેઢી આ કલા ચાલતી આવે છે. શહેરીકરણના કારણે આ કલાકારોના અસ્તિત્વ સામે સવાલ ઉભા થાય છે. આ કલા વ્યવસાયને કારણે અર્થોપાર્જનમાં પડતી તકલીફોને લીધે નવી પેઢી અન્ય વ્યવસાય તરફ વળી રહી છે. મૃતઃપાય થઈ રહેલી આ પ્રાચીન ભારતીય કલાને આપણે સૌ યુવાનો આધુનિક અર્થઘટન આપીએ અને એ દ્વારા જાળવી રાખીએ.
























## Depatment of Mathemetics

### આંતરરાષ્ટ્રીય અધિવેશન યોજાયું

હાલમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં G-20 અંતર્ગત કરવામાં આવતા વિવિધ પ્રકારના કાર્યક્રમોના ભાગરૂપે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી ના માર્ગદર્શન હેઠળ ગણિતશાસ્ત્ર વિભાગ દ્વારા ૦૪–૦૫ માર્ચ, ૨૦૨૩ ના રોજ "4th Prof.P.C.Vaidya International Conforence on Mathematical Science" નું આયોજન ગુજરાત ગણિત મંડળ સાથે સંયુકત રીતે કરવામાં આવ્યું હતું.

આ અધિવેશનમાં દેશ–વિદેશનાં ૧૧૦ થી વધુ સંશોધનકર્તાઓ અને વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. બે દિવસનાં અધિવેશનમાં "પ્રો. પી.સી.વૈધ મેમોરીયલ લેકચર" તથા "પ્રો. એ.એમ.વૈદ્ય મેમોરીયલ લેકચર" સહીત કુલ ૭ જેટલાં ગણિતના વિવિધ પ્રકારના વિષયોના વ્યાખ્યાનનો આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનનો ગુગલના વૈજ્ઞાનિકો, કેનેડા તથા દેશની અન્ય નામાંકિત યુનિવર્સિટીના નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા આપવામાં આવ્યા હતા જેનો લાભ વિદ્યાર્થીઓએ ઉઠાવ્યો હતો. આ અધિવેશનમાં ૬૫ થી વધુ સંશોધન પત્રોનું વાંચન સંશોધનકર્તાઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

તા. ૪ માર્ચ ૨૦૨૩ નાં રોજ અધિવેશનનું ઉદ્ઘાટન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા ની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. જેમાં કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સમારંભના મુખ્ય મહેમાન પ્રો. એન.એલ.કળથિયા, યુનિવર્સિટીના સિન્ડીકેટ સભ્યો, અન્ય વિભાગનાં વડાશ્રીઓ તથા અધિવેશનના આયોજકો જોડાયા હતા.

અધિવેશનના કન્વીનર તથા વિભાગીય વડાશ્રી ડૉ. જોષીએ આવકાર પ્રવચન આપ્યું હતું. સમારંભને સંબોધતા કુલપતિશ્રી એ ગણિતને લોકભોગ્ય તેમજ વિદ્યાર્થીઓમાં રસપ્રદ બનાવવાનું આહવાન આપ્યું હતું. કુલસચિવશ્રીએ સર્વેને આવકારવાની સાથે અધિવેશનની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સમારંભના મુખ્ય અતિથિશ્રી પ્રો. એન.એલ.કળથિયાએ પ્રો. પી.સી.વૈદ્ય સાથેના પોતાના સંસ્મરણો વાગોળ્યા હતા. ઉદ્ઘાટનની આભારવિધી અધિવેશનના સ્થાનિક વહીવટી મંત્રી ડૉ. પ્રીતિ ટંડેલ દ્વારા કરવામાં આવી હતી.

તા. ૫ માર્ચ, ૨૦૨૩ના રોજ અધિવેશનનો વેલેડીકટરી સમારોહ બપોર પછી ૪:૦૦ વાગ્યે યોજાયો હતો. જેમાં અતિથિ વિશેષ તરીકે ગુજરાત ગણિત મંડળનાં પ્રમુખશ્રી ડૉ.ઉદયન પ્રજાપતિ હાજર રહ્યા હતા. આ સમારંભને અંતે આભારવિધિ અધિવેશનનાં સ્થાનિક વહીવટી સહમંત્રી ડૉ. કે.બી.પટેલ દ્વારા ભવિષ્યમાં ફરીથી પાછા મળીશું ના સંદેશા સાથે કરવામાં આવી હતી. આ અધિવેશન ખૂબ જ સફળ રહ્યું હતું.

















## Department of Public Administration

### 'મહિલા સશક્તિકરણ' પર સેમીનારનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પબ્લિક એડમિનિસ્ટ્રેશન વિભાગ દ્વારા G20 હેઠળ W20 એંગેજમેન્ટ અંતર્ગત "મહિલા સશક્તિકરણ" પર સેમિનાર તારીખ ૧૦ માર્ચ,૨૦૨૩ ના પબ્લિક એડમિનિસ્ટ્રેશન વિભાગના કમ્પ્યુટર લેબ ખાતે યોજવામાં આવ્યો હતો. કોઈપણ સમાજની પ્રગતિ માટે મહિલા સશક્તિકરણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. સ્ત્રીઓ વિશ્વની લગભગ અડધી વસ્તી ધરાવે છે, અને તેમના સશક્તિકરણની શરૂઆત શિક્ષણથી થાય છે. શિક્ષિત મહિલાઓને વધુ સારી નોકરીની તકો મળવાની, વધુ પગાર મેળવવાની અને તેમના જીવન વિશે માહિતગાર નિર્ણયો લેવાની શકયતા વધુ હોય છે.

આ સેમીનારમાં મહેનત વકતા ડૉ. મેધા પાંડે (આસિસ્ટન્ટ પ્રોફેસર વિક્રમ યુનિવર્સિટી ઉજ્જૈન) અને વકતા મયુરી વાડીયા (Livelihood Manager DRDA Navsari) તથા અર્થશાસ્ત્ર અને પબ્લિક એડમિનિસ્ટ્રેશન વિભાગના વડાશ્રી ડૉ. ગૌરાંગ રામી, વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. મધુ થવાની, સિનિયર પ્રોફેસર ડૉ. નિલેશ જોષી, ડૉ. મમતા ભક્કડ અને ઓમકારનાથ પાંડે તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જેમાં મહેમાન વકતા ડૉ. મેધા પાંડે એ જણાવ્યું કે વુમન એમ્પાવરમેન્ટ એટલે ફકત એજ્યુકેશન જ નથી પણ જ્યારે સ્ત્રી પોતાને લગતા તમામ નિર્ણય સ્વૈચ્છિક રીતે લઈ શકે તેને વુમન એમપાવરમેન્ટ કહેવાય. તથા તેઓએ મહિલા સશક્તિકરણના વિવિધ પાસાઓ જેમ કે નાણાકીય સહાય, મહિલાઓ સાથે સંબંધિત સામાજિક અને આધ્યાત્મિક પાસાઓ અને આ બધા પરિબળો મહિલાઓને કુટુંબ અથવા સમાજમાં કેવી રીતે મજબૂત બનાવે છે તે વિશે વાત કરી. બીજા વકતા ડૉ. મયુરી વાડીયાએ સખીમંડળનું પોવર્ટી એલીવીન પ્રોગ્રામનું ઈકોનોમિકસ ડેવલપમેન્ટ માં કઈ રીતે યોગદાન આપે છે એના વિશે માર્ગદર્શન આપ્યું અને સખીમંડળની સ્ત્રીઓ એક પ્રકારનું પોલિટિકલ પ્લેટફોર્મ પણ પૂરું પાડે છે એમ જણાવ્યું. તથા તેણીએ રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (NRLM) કાર્યક્રમ પર જણાવ્યું કે આ કાર્યક્રમ દ્વારા ભારત સરકાર ગ્રામીણ વિસ્તારોમાં સ્વરોજગાર અને ઉદ્યોગસાહસિકતાને કેવી રીતે પ્રોત્સાહન આપે છે. NRLM ગ્રામીણ મહિલાઓને સશકત કરવા અને તેમની આર્થિક અને સામાજિક સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે મુખ્ય વ્યુહરચના તરીકે સ્વ–સહાય જૂથો (SHGs)ની રચના અને મજબૂતીકરણને સમર્થન આપે છે. વિભાગીય વડા ડૉ. ગૌરાંગ રામીએ મહિલાઓને આર્થિક સશક્તિકરણ વિષય પર ભાર આપ્યો એમણે જણાવ્યું કે જ્યારે મહિલાઓ આર્થિક રીતે સશકત થાય ત્યારે જીડીપી અને દેશનો ખૂબ ઝડપી વિકાસ થઈ શકે છે. સદર કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી નું સતત માર્ગદર્શન મળતું રહ્યું.















## સુરત ઐતિહાસિક કિલ્લાની વિઝિટ કરવામાં આવી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પબ્લિક એડમિનિસ્ટ્રેશન વિભાગ દ્વારા G20 હેઠળ 'ટુરિઝમ શેરપા ટ્રેક' અંતર્ગત સુરતનો ઐતિહસિક કિલ્લા ની મુલાકાત તારીખ ૨૧ માર્ચ ૨૦૨૩ ના રોજ પબ્લિક એડમિનિસ્ટ્રેશન વિભાગના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા યોજવામાં આવી હતી. આ મુલાકાત માં સુરત કિલ્લાના ઐતિહાસિક જાણકારી સર્વે વિદ્યાર્થીઓનો પ્રાપ્ત થઈ શકે એટલે કે સુરતના ઈતિહાસમાં ૮૪ દેશોએ વેપાર કર્યો અને મુઘલો તથા બ્રિટીશ ઇન્ડિયા વિશે પણ જાણવા મળ્યું આ ઈતિહાસના તમામ રસપ્રદ ચિત્રો નિહાળ્યા. સદર કાર્યક્રમ માં પ્રતિયોગી પરીક્ષા માં ભાગ લેનાર સર્વે વિદ્યાર્થીઓને ખૂબ લાભ મળ્યો.

પબ્લિક એડમિનિસ્ટ્રેશન, વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. મધુ થવાની, ડૉ. મમતા ભક્કડ અને શ્રી ઓમકારનાથ પાંડે તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સદર કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીનું અને વિભાગના વડાશ્રી ડૉ. ગૌરાંગ રામીનું સતત માર્ગદર્શન મળતું રહ્યું.



## Department of Statistics

### છ દિવસીય વર્કશોપ "SAS On Demand For Academics"

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આંકડાશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૨૭ ફેબ્રુઆરી થી ૪ માર્ચ ૨૦૨૩ દરમિયાન વિભાગ કક્ષાનો છ દિવસીય વર્કશોપ "SAS OnDemand For Academics" વિષય પર, M.Sc. (Statistics) અને M.Sc. (Applied Statistics) સેમેસ્ટર–૬ ના વિદ્યાર્થીઓ માટે રાખવામાં આવેલ હતો. વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ MNC/Pharmaceuticals કંપનીઓમાં વિદ્યાર્થીઓની કારકિર્દી માટે ડેટા મેનેજમેન્ટ અને એનાલિટિક્સ માટે કૌશલ્ય વિકસાવવાનો હતો. આ વર્ષે G20 માં ભારતની પ્રેસિડેન્સી અને યુનિવર્સિટીના આદરણીય કુલપતિશ્રી ડૉ. કિસોરસિંહ એન. ચાવડા સાહેબના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ, વિભાગના વડા ડૉ. આરતી રાજ્યગુર. આ વર્કશોપનું આયોજન કરવાની પહેલ કરી અને ડૉ. શિતલ એસ. પટેલ G20 કો–ઓર્ડિનેટર તરીકે આ વર્કશોપ, G20 Working Group Sherpa track - Employment &

Education હેઠળ વિભાગના વર્કશોપમાં તમામ સ્ટાફ સભ્યોના સહકારથી આયોજન કરેલ. SAS ના નિષ્ણાંત શ્રી રમ્ય બોરિયા, ડેટા સ્પેશિયાલિસ્ટ, પાલો અલ્ટો, કેલિફોર્નિયા, જે વિભાગના ભૂતપૂર્વ વિદ્યાર્થી M.Sc. (Statistics) બેચ 2018-2020 છે. જેમને નીચેના વિષયો પર ચર્ચા કરી: Installing SAS OnDemand SAS Essentials, Accessing Data, Exploring and Validating Data, Analyzing and reporting on Data, Controlling Data Step Processing. ૩૦ કલાક સાથેના આ ૬ દિવસના કાર્યક્રમ દરમિયાન, વિદ્યાર્થીઓએ પ્રેક્ટિસ અને પ્રવૃતિ દ્વારા કુલ ૩૧ સહભાગોઓએ લાભ લીધો હતો. સહભાગીઓએ લાભ લીધો હતો. સહભાગીઓએ તમામ સત્રોની ખૂબ પ્રશંસા કરી અને સમગ્ર વર્કશોપ દરમિયાન સક્રિય ભાગ લીધો હતો.

યુનિવર્સિટીના કુલપતિશ્રી, ડૉ. કિસોરસિંહ એન. ચાવડાને તેમની પ્રેરણાદાયી હાજરી અને અતૂટ સમર્થન બદલ તેમનો હૃદય પૂર્વક આભાર માને છે. યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. આર.સી. ગઢવી અને યુનિવર્સિટી G20 સંયોજકો ડૉ. પરેશ જોષી અને ડૉ. ધવલ મહેતાના પણ G20 પ્રવૃત્તિના ભાગ રૂપે અમૂલ્ય સહકાર આપવા બદલ ખૂબ આભારી છે. વધુમાં, યુનિવર્સિટીના તમામ સત્તાધીશો અને વહીવટી વિભાગોને તેમના પૂરા હૃદયથી સમર્થન અને સહાય માટેની અમારી તમામ વિનંતીને તાત્કાલિક પ્રતિસાદ આપવા બદલ અમારી નિષ્ઠાપૂર્વક પ્રશંસા વ્યકત કરીએ છીએ.









## Department of Bio Science

### Degree Distribution and Alumni Meet

બાયોસાયન્સ વિભાગમાં તા.૧૩/૦૩/૨૦૨૩ ના રોજ Degree Distribution and Alumni Meet નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત વિભાગીય વડા Dr. K. P. Patel તથા અધ્યાપક મિત્રો દ્વારા સરસ્વતી પૂજા કરીને કરી હતી. Alumni Coordinator Dr. J. K. Barot દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને Alumni Association ની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. દરેક અધ્યાપકો એ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાનો વિચાર રજૂ કર્યા હતા. બાદમાં દરેક વિદ્યાર્થીને એક પછી એક Degree નું વિતરણ વિભાગીય વડા તથા અન્ય અધ્યાપકોના હસ્તે કરવામાં આવ્યું હતું. ઉપરાંત ગૃપ ફોટો પણ લેવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં કુલ ૬૪ વિદ્યાર્થીઓએ હાજર રહી ડીગ્રી લીધી હતી.



















## $6^{th}$ નેશનલ કોન્ફરન્સ બાયોટેકનોલોજીકલ ટૂલ્સ ફોર સસ્ટેનેબલ એન્વીરોનમેન્ટ ૨૦૨૩

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને બાયોસાયન્સ વિભાગના સંયુકત ઉપક્રમે G-20 અંતર્ગત તા.૨૫/૦૩/૨૦૨૩ ના રોજ $6^{th}$ National Conference on Biological Tools for Sustainable Environment - 2023 નું એક દિવસીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ હતું. કોન્ફરન્સના ઉદ્દઘાટનમાં કુલપતિશ્રી, કુલસચિવશ્રી યુનિવર્સિટી વિભાગોના વડાશ્રીઓ, વહીવટી વિભાગના વડાશ્રીઓ, સિન્ડીકેટ સભ્યશ્રીઓ, ડીનશ્રી ફેકલ્ટી ઓફ સાયન્સ, અધરઘેન ડીનશ્રી ફેકલ્ટી ઓફ સાયન્સ, તથા પ્રેસ અને મીડીયાના મિત્રશ્રીઓ અને કુલ ૧૨ વિષયલક્ષી તજજ્ઞો તથા તમામ પાર્ટીસિપન્ટસને આમંત્રિત કરવામાં આવેલ હતા. કાર્યક્રમની શરૂઆત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ તથા ઉપસ્થિત માનનીય કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, ચીફ ગેસ્ટ ડૉ. સ્નેહલ બગથરીયા, ડીનશ્રી ફેકલ્ટી ઓફ સાયન્સ ડૉ. કપિલા મનોજ અને વિભાગીય વડાશ્રી ડૉ. કૈલાશ પટેલ દ્વારા સરસ્વતી વંદના તથા દીપ પ્રાગટયથી કરવામાં આવેલ હતી. વિભાગીય વડાશ્રી ડૉ. કૈલાશ પટેલ દ્વારા આમંત્રિતોને સંબોધીને સ્વાગત પ્રવચન અપાયું હતું. સૌ આમંત્રિતોના સ્વાગત બાદ કોન્ફરન્સના Organizing Secretory ડૉ. જાગૃતિ બારોટ દ્વારા કોન્ફરન્સની રૂપરેખા અપાઈ હતી. જેમાં ૨૫૦ થી વધારે વિદ્યાર્થીઓ, સંશોધનાર્થીઓ તથા અધ્યાપકોશ્રીઓ દ્વારા રજીસ્ટ્રેશન કરવામાં આવેલ હતું. સમગ્ર કોન્ફરન્સ માટે કુલ ૧૪૯ જેટલા Abstracts સબમીટ થયા હતા. જેમાંથી ૧૧૬ જેટલા Abstracts ને Poster Presentation માટે અને ૩૧ જેટલા Abstracts ને Oral Presentation માટે પ્રમાણિત કરાયા હતા. મંચ પર બિરાજમાન મહેમાનશ્રીઓ દ્વારા Abstracts book નું વિમોચન કરવામાં આવેલ હતું. ચીફ ગેસ્ટ ડૉ. સ્નેહલ બગરીયા દ્વારા કોન્ફરન્સ અનુષાંગિક Key note address અપાયું હતું. બાદમાં સમગ્ર કાર્યક્રમને ત્રણ અલગ અલગ વિષયલક્ષી (બોટની ટ્રેક, માઈક્રોબાયોલોજીની ટ્રેક અને ઝુલોજી ટ્રેક) માં વિભાજીત કરીને આગળના પ્લેનેરી ટોક (Plenary talks) થતા Oral અને Poster Presentations ચાલું કરાયા હતા. આ ત્રણ વિષયલક્ષી ટ્રેક્સ માટે કુલ ૧૨ તજજ્ઞોને આમંત્રિત કરાયા હતા. આ તજજ્ઞો દ્વારા વિષયલક્ષી ટ્રેકસમાં ઉચ્ચ પ્રદર્શન કરનાર પાર્ટીસિપન્ટસને ઈનામ તથા મેરીટ સર્ટીફીકેટની વહેચણી કરવામાં આવી હતી. પાર્ટીસિપન્ટસ નો પ્રતિભાવ લીધા બાદ રાષ્ટ્રગાન કરીને કોન્ફરન્સ વિધિવત રીતે પૂર્ણ કરવામાં આવી હતી.








## Department of Economics

### પદવી વિતરણ કાર્યક્રમ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન

તા. ૧૪–૦૩–૨૦૨૩નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સ્થિત અર્થશાસ્ત્ર વિભાગમાં પદવી વિતરણ અવસરે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યાપક ડૉ. યોગેશ એન. વાસિંયા દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ "એલ્યુમની" વિશે ચર્ચા કરવામાં આવી હતી કે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ભવિષ્યમાં જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરવાનાં છે તથા વર્તમાન સમયે જ વિદ્યાર્થીઓ અર્થશાસ્ત્ર વિષયમાં અભ્યાસ કરે છે તેને કઈ રીતે મદદરૂપ થઈ શકે તથા માર્ગદર્શન આપી શકે તે વિષે ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા પોતાનું વકતવ્ય રજુ કરવામાં આવ્યું જેમાં " એલ્યુમની" માં જોડાયેલા દરેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ અભ્યાસક્રમને સંબંધિત કોઈ ફેરફાર લાવવા તથા નવો અભ્યાસક્રમ લાવવો કે વિદ્યાર્થીઓનાં હિતમાં સૂચનો અને માર્ગદર્શન આપવા અંગે ચર્ચા કરી હતી. ત્યારબાદ કાર્યક્રમને આગળ વધારતા સંમેલનમાં હાજર દરેક વિદ્યાર્થીઓને ડૉ. ગૌરાંગ ડી. રામી, ડૉ. યોગેશ એન. વાંસિયા અને ડૉ. મનિષ આર. પટેલ દ્વારા પદવી આપવામાં આવી હતી અને કાર્યક્રમનાં અંતે ડૉ. મનિષ આર. પટેલ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો હાજર રહેવા બદલ આભાર વ્યકત કર્યો હતો.




















## કોલેજ ન્યૂઝ

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

### પરમ પૂજ્ય શ્રી કાંતિકાકાને પુષ્પાંજલિ અર્પણના કાર્યક્રમનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં પ્રિ. ઈ.ચા.ડૉ. રાજેશકુમાર ડી. રાણા સાહેબનાં નેતૃત્વ હેઠળ તા. ૦૪–૦૩–૨૦૨૩ને શનિવારનાં રોજ સવારે ૧૦:૧૫ કલાકે અમરોલી કોલેજ કેમ્પસમાં જીવન જ્યોત ટ્રસ્ટના આદ્યસ્થાપક અને દેશદાતા આદરણીય પરમ પૂજ્ય શ્રી કાંતિકાકાની અગિયારમી પૂણ્યતિથિ નિમિત્તે "શ્રી કાંતિકાકાને પુષ્પાંજલિ અર્પણ" કાર્યક્રમનું આયોજન થયું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી.

કોલેજનાં ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા સાહેબ, એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર તથા એન.સી.સી. કેડેટ્સ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસરશ્રી તથા એન.સી.સી. કેર ટેકર ઓફિસરે કર્યું હતું. આ કાર્યક્રમમાં શૈક્ષણિક, વહીવટી સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

### વિશ્વ મહિલા દિવસની ઉજવણી

યા દેવી સર્વ ભૂતેષુ શકિત રૂપેણ સંસ્થિતા, નમસ્તસ્યૈ
નમસ્તસ્યૈ નમો નમઃ।
યા દેવી સર્વ ભૂતેષુ વિદ્યા રૂપેણ સંસ્થિતા, નમસ્તસ્યૈ
નમસ્તસ્યૈ નમો નમઃ।
યા દેવી સર્વ ભૂતેષુ માતૃ રૂપેણ સંસ્થિતા, નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ
નમો નમઃ।
યા દેવી સર્વ ભૂતેષુ લક્ષ્મી રૂપેણ સંસ્થિતા, નમસ્તસ્યૈ
નમસ્તસ્યૈ નમો નમઃ।

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૦૭–૦૩–૨૦૨૩ને મંગળવારના રોજ સવારે ૯:૩૦ કલાકે પ્રિ.ઈ.ચા.ડૉ.રાજેશકુમાર ડી. રાણા સાહેબનાં નેતૃત્વ હેઠળ "વિશ્વ મહિલા દિવસ" ની ઉજવણીના ભાગરૂપે કોલેજમાં સેવા બજાવી રહેલ શૈક્ષણિક, વહીવટી, સેવિકાઓ, મુલાકાતીઓ સૌ આદરણીય મહિલા સ્ટાફનું સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત પ્રા.બરખાબેન દેસાઈએ પ્રાર્થનાથી કરી હતી. કોલેજના પ્રિ.ઈ.ચા.ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબ દ્વારા સ્વાગત પ્રવચન આપવામાં આવ્યું હતું તેમજ પ્રા.ડૉ. સેજલબેન દેસાઈ અને પ્રા. હેમાબેન દવે દ્વારા મહિલા જાગૃતિ વિશે વિસ્તૃત સમજૂતિ આપવામાં આવી હતી તેમજ કોલેજમાં સેવા બજાવી રહેલ સૌ મહિલા કર્મચારીઓની સેવાની કદર રૂપે સન્માન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા.જીતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા.પંકજભાઈ નાયકા અને આભારવિધિ પ્રા.ડૉ. મયંકભાઈ સોઢા દ્વારા કરવામાં આવી હતી. જેમાં શૈક્ષણિક, વહીવટી સ્ટાફ, એન.સી.સી. કેર ટેકર ઓફિસર તેમજ એન.એસ.એસ. સ્વયંસેવકો/સેવિકાઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતે રાષ્ટ્રગાન કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.



### શ્રેષ્ઠ નાટય સ્પર્ધામાં "# Somewhere in India" તૃતીય ક્રમે વિજેતા બન્યું



આઈ.એન.ટી. એકાંકી નાટય સ્પર્ધા–૨૦૨૩ "સાતત્યનું ૩૫મુ વર્ષ", અમદાવાદ દ્વારા આયોજિત શ્રેષ્ઠ નાટય સ્પર્ધામાં જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીનું "#Somewhere in INDIA" નાટક તૃતીય ક્રમે વિજેતા બન્યું હતું. આ ઉપરાંત એસ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. સિરસઠ ઉન્નતિ નરેન્દ્રભાઈ (ઉષા મહેતાના પાત્ર માટે) શ્રેષ્ઠ

અભિનેત્રી તરીકે અને RJ મિહિર પાઠકને શ્રેષ્ઠ લેખક તરીકે પ્રમાણપત્ર અને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

જેનો પ્રથમ રાઉન્ડ તા.૨૨–૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતની ૧૮ કોલેજોએ નાટકની ભજવણી કરી હતી. અમરોલી કોલેજ ફાઈનલ ૮ નાટકોમાં પસંદગી પામતા ફાઈનલ રાઉન્ડ તા.૪ થી ૫ માર્ચ, ૨૦૨૩ ના રોજ યોજાયેલ હતો. સમગ્ર નાટકોમાં દક્ષિણ ગુજરાતની એકમાત્ર કોલેજે ભાગ લઈ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને સુરતની રંગભૂમિનું નામ ઉજ્જવળ કર્યું.

સૌ સ્પર્ધક કલાકારોને જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી, ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી.રાણા, શૈક્ષણિક તેમજ વહીવટી સ્ટાફ તથા કોલેજના વિદ્યાર્થીઓ તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

## "INNO-AWARDS-2023" નું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૧૭–૦૧–૨૦૨૩ થી ૧૯–૦૧–૨૦૨૩ દરમિયાન ઈ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણા સાહેબના માર્ગદર્શન હેઠળ ત્રિદિવસીય કોલેજ ફેસ્ટીવલ "ઈનોવિઝન–૨૦૨૩" નું આયોજન કરવામાં આવ્યું હતું. તે સ્પર્ધાના વિજેતાઓ માટે "INNO-AWARDS-2023" નું આયોજન આજ રોજ તા. ૧૪–૩–૨૦૨૩ને મંગળવારના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલગુરૂ આદરણીયશ્રી પ્રિ. ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થનાથી અને કોલેજના ગીતથી કરવામાં આવી હતી.

કોલેજના પ્રિ.ઈ.ચા.ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબ દ્વારા શબ્દો અને સ્મૃતિ ભેટ દ્વારા મુખ્ય મહેમાનશ્રી તેમજ શૈક્ષણિક, વહીવટી સ્ટાફ અને તમામ વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત કુલગુરૂ આદરણીયશ્રી પ્રિ.ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે અમરોલી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા યોજાયેલ Innovation-2023 માં ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓને જે અંતર્ગત લગભગ ૧૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જે પૈકી ૧૭૦ વિદ્યાર્થીઓએ મેળવેલ INNO-AWARDSના વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા. આવનાર ૧૩ વર્ષ પછી ભારત રાષ્ટ્રની અંદર પ્રથમવાર બે સદીની અંદર જ્યારે ૨૦૩૬માં ઓલમ્પિક રમાવાની છે ત્યારે અમરોલી કોલેજ પરિવારનો કોઈ વિદ્યાર્થી કો–હોસ્ટ હોય, ટીમની અંદર રમતા હોય, કોઈને કોઈ કોમ્પોનન્ટમાં ભાગ લેતો હોય એવું મારું સ્વપ્ન રહેશે. ૧૯૮૩ માં B.Com.માં એડમિશન લીધા પછી ૪૦માં વર્ષે વિદ્યાર્થી લઈને કુલગુરુ બન્યાની યાત્રામાં અનેક જગ્યાએ લોકોની સાથે કામ કરવાની અને કામ કરાવવાની તક મળી. જે–જે વિદ્યાર્થી અભ્યાસ ઉપરાંત સહ અભ્યાસ પ્રવૃત્તિમાં વધારેમાં વધારે સક્રિય રહ્યા એ લોકો આજે કોઈને કોઈ જગ્યાએ નેતૃત્વ કરે છે. અમરોલી કોલેજમાં ચાલતી અનેક સ્પર્ધાઓમાં વિદ્યાર્થીને કોલેજ જે તક આપી હોય કે અહિયા આવીને આ પ્રવૃતિનું સંચાલન કરો અને જેનો નંબર આવ્યો હોય ખાસ કરીને મારા દ્વારા તે વિદ્યાર્થીઓ પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોય તેમજ બીજી કોલેજમાં હોય ને પ્રમાણપત્ર આપ્યું હોય તે વિદ્યાર્થીઓ અત્યારે પોતાના સંતાનો સાથે મળવા આવે છે ત્યારે સર્ટીફીકેટ અને પ્રમાણપત્ર લઈને આવે છે કે સર તમે મને આજથી ૧૫ થી ૨૦ વર્ષ પહેલા આપેલું જે પ્રમાણપત્ર ફરી અમને અમારા સંતાનોની સામે આપો. અંતે કોલેજના સમગ્ર શૈક્ષણિક, વહીવટી સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓને અભિનંદન અને ધન્યવાદ પાઠવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના એસ.વાય. બી.કોમના વિદ્યાર્થી આદરણિયશ્રી રોહન રામી અને એમ.કોમ.ની વિદ્યાર્થીની કુ.સંજના ચૌહાણ અને એમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. સંચાલન એસ.વાય.બી.કોમના વિદ્યાર્થી આદરણીયશ્રી અનિકેત શિરોયા, એસ.વાય. બી.કોમની વિદ્યાર્થીની કુ.પલક માંગુકિયા અને એફ.વાય. બી.કોમનો વિદ્યાર્થી આદરણિયશ્રી શિવમ રઝાક દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના અધ્યાપકમિત્રો, વહીવટી સ્ટાફમિત્રો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જે અંતર્ગત અલગ અલગ કુલ ૨૩ પ્રકારની સ્પર્ધાઓમાં વિજેતા થનાર વિદ્યાર્થીઓને કોલેજ દ્વારા આદરણીય કુલગુરૂશ્રીના વરદ હસ્તે શીલ્ડ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર વાતાવરણ આનંદ–ઉલ્લાસ ભર્યું રહ્યું હતું. કાર્યક્રમને અંતે આભારવિધિ અને રાષ્ટ્રગાન દ્વારા પૂર્ણાહૂતી કરવામાં આવી હતી.

## વિશ્વ જળ દિવસની ઉજવણી



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૧–૦૩–૨૦૨૩ને મંગળવારના રોજ ઈ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણા સાહેબના માર્ગદર્શન હેઠળ NSS યુનિટ

દ્વારા વિશ્વ જળ દિવસની ઉજવણીના ભાગ રૂપે "ચિત્ર સ્પર્ધા" નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના કુલ ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થના અને કોલેજના ગીતથી કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન NSS ના પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. જીતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા.ડૉ. મયંકભાઈ સોઢા દ્વારા કરવામાં આવ્યું હતું. સંચાલન એન.એસ.એસ.ના સ્વયંસેવકો/સેવિકાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે આભારવિધિ અને રાષ્ટ્રગાન દ્વારા પૂર્ણાહૂતી કરવામાં આવી હતી.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### રક્તદાન શિબિર










જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ,આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ),વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ),સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૪–૩–૨૦૨૩ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલીના માજી પ્રમુખ અને ટ્રસ્ટના સંસ્થાપક સ્વ. કાંતિલાલ જે. શાહની પુણ્યતિથી નિમિત્તે સાયકલ રેલી, પુષ્પાંજલી કાર્યક્રમ અને રક્તદાન શીબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. સાયકલ રેલી, પુષ્પાંજલી કાર્યક્રમ અને રક્તદાન શીબીરમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં અતિથિ વિશેષ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, સિન્ડીકેટ સભ્ય ડૉ. પારૂલ વડગામા, સેનેટ સભ્ય શ્રી સતિષભાઈ પટેલ અને પદ્યુમન જરીવાળા તેમજ બેંક ઓફ બરોડાના મેનેજર શ્રી સુરજ ગુપ્તા, DRM સંજયકુમાર, RBDM શ્રી ખન્ના સાહેબ તેમજ સંતોષ વુમેન્સ કેર હોસ્પીટલ આઈવીએફ સેન્ટરના ડૉ. રવિન્દ્ર કોરાટ, ડૉ. જીગર પટેલ તેમજ ફેમીલી ફિઝિશયન એસોસીએશન સુરતના ડૉ. લક્ષ્મણભાઈ પટેલ, ડૉ. અજયભાઈ ઢોલકીયા તેમજ જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી ના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, માનદ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ અને શ્રી અનુજભાઈ શાહ તેમજ સ્વ. કાંતિલાલ જે. શાહના પુત્ર સ્નેહલભાઈ શાહ તેમજ ટ્રસ્ટી મંડળના સભ્યો, ટ્રસ્ટ સંચાલિત શાળાના આચાર્ય અંજનીબેન જાની અને દિલીપભાઈ પરમાર, જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. રાજેશ રાણા તથા કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. રક્તદાન શિબિરમાં માનવંતા મહેમાન પૈકી યુનિવર્સિટી સેનેટ મેમ્બર શ્રી પ્રદ્યુમન જરીવાળા, જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલીના માનદ્ મંત્રીશ્રી અનુજભાઈ શાહ, અમરોલી પોલીસ સ્ટેશન ના કાજલબેન, પાયલબેન તેમજ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ તથા કોલેજના સ્ટાફ સભ્યો અને વાલીઓએ રક્તદાન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યો હતા. કુલ ૧૮૭ બોટલનુ બલ્ડ ડોનેટ થયું હતું. આ તમામ રક્તદાતાને સ્મૃતિભેટ સાથે રક્તદાનની ફોટો ફ્રેમ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી અને બી.સી.એ. કો–ઓર્ડિનેટર ડૉ. જૈમીન શુકલા, બી.કોમ.કો ઓર્ડિનેટર ધરીત નાયક, બી.બી.એ. કો–ઓર્ડિનેટર ડૉ. સ્વાતિ મહેતા, બી.સી.એ. વિંટર કો–ઓર્ડિનેટર ડૉ. વીરલ પોસીશવાળા, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. પ્રદિપકુમાર લેન્કા, પ્રા. જ્યોતિકાબેન ટેલર તથા એન.એસ.એસ.ના સ્વયંસેવકો તથા તમામ સ્ટાફના સહકારથી સફળતા પૂર્વક યોજી શકાયો હતો.

## G20 અંતર્ગત આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે મહાજન અનાથ બાળાઆશ્રમ, કતારગામની મુલાકાત

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ,આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ

(ગુજરાતી માધ્યમ),સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી દ્વારા G20 અંતર્ગત આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે મહાજન અનાથ બાળાઆશ્રમ, કતારગામમાં અભ્યાસ કરતી વિદ્યાર્થી અને કામ કરતી બહેનો ને વુમન હાઈજિનિટી વિશે સમજણ આપવામાં આવી અને ૨૦૦ થી વધારે સેનેટરી નેપકીનનું વિતરણ કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી ના માર્ગદર્શન હેઠળ G20 ના નોડલ ઓફિસર પ્રા.ડૉ. નિલેશ પટેલ તથા ટીમના સભ્યો પ્રા. રાગિની પ્રસાદ, પ્રા.ડૉ. વિરલ પોલીસવાલા, પ્રા. ડૉ. ધ્રુવ ગાંગડવાળા અને NSS ના કાર્યકર્તા દ્વારા કરવામાં આવ્યું હતું.



## અમરોલી કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા રી–યુનિયનનું આયોજન

### " ચાલો બધા ભેગા મળીને ફરી એક વાર જુની યાદો અને મસ્તીને યાદ કરીએ"

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ,આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ),વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ),સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૧/૩/૨૦૨૩ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું રી–યુનિયનનું આયોજન કોલેજ કેમ્પસમાં કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, માનદ્ મંત્રી અશ્વિનભાઈ પટેલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કોલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી તેમજ કોલેજના તમામ શૈક્ષણિક વર્ષ ૨૦૦૧ થી ૨૦૨૩ સુધીના વિદ્યાર્થીઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જે પૈકી ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કોલેજમાંથી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ઉચ્ચ સિધ્ધી પ્રાપ્ત કરનાર જેવા કે સરકારી કચેરીમાં ઉચ્ચ હોદ્દો, સી.એ., નામાંકિત મોટી કંપનીઓ તથા બેંક માં ફરજ બજાવતા, પોલીસ ખાતામાં ફરજ બજાવતા, જજ જેવી ઉચ્ચ પદ પર, સ્પર્ધાત્તમક પરીક્ષાઓમાં અગ્રેસર, શૈક્ષણિક ક્ષેત્રે, સામાજીક ક્ષેત્રે, ઉદ્યોગ ક્ષેત્રે અગ્રણી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ રી–યુનિયન કારોબારીની રચના કરી હતી. રી–યુનિયન કારોબારીના હોદ્દેદારો તરીકે શ્રી ભાવેશભાઈ વાઘાસીયા, શ્રી ભાવેશભાઈ ઘેલાણી તેમજ શ્રી વિશાલધભાઈ વઘાસીયા તથા અન્ય કારોબારી સભ્યો કાર્યરત રહેશે. આ રી–યુનિયનની રચના કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય દર મહિને એકવાર અલગ અલગ હેતુ થી ભેગા થવાનું જેના થકી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સામાજીક, શૈક્ષણિક અને આર્થિક રીતે મદદ કરી શકાય. સમગ્ર કાર્યક્રમ " ચાલો બધા ભેગા મળીને ફરી એક વાર જુની યાદો અને મસ્તીને યાદ કરીએ" ટેગ લાઈન હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા, વિદ્યાર્થીઓ માટે આયોજન કરવામાં આવ્યું હતું. અંતે બધા ભેગા મળી સુરૂચિ ભોજન લઈ કાર્યક્રમનું સમાપન થયું હતું.










## કોલેજમાં ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ,આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ),વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ),સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા.૧૩/૩/૨૦૨૩ના રોજ ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વિદાય સમારંભનું આયોજન કોલેજ કેમ્પસમાં કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના માનદ્ મંત્રી અશ્વિનભાઈ પટેલ, કોલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી તેમજ કોલેજના તમામ શૈક્ષણિક અને વહીવટી સભ્યો હાજર રહ્યા હતા. વિદાય સમારંભમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ તેમનામાં રહેલ ટેલેન્ટ સ્વરૂપે ડાન્સ, ગીત રજુ કરયા હતા. તેમજ કોલેજકાળના ત્રણ વર્ષના સંસ્મરણોને વાગોળ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.ડૉ. હેમાદ્રી ટીકાવાલા એ કર્યું હતું. અંત બધા ભેગા મળી સુરૂચિ ભોજન લઈ કાર્યક્રમનું સમાપન થયું હતું.









## એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા

### વિશ્વ મહિલા દિવસની ઉજવણી







એ.વી.પટેલ કોમર્સ કોલેજમાં મહિલા સમિતિ તથા G20 અંતર્ગત મહિલા જાગૃતિ અંગેના કાર્યક્રમો નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય વક્તા શ્રીમતી અર્ચનાબેન બી. દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. એમણે એમના વકતવ્યમાં જણાવ્યું હતું કે 1857 માં અમેરિકાની બહેનોએ કામના કલાક ઓછા કરવાની ઝુંબેશ સાથે આઠમી માર્ચ ને વિશ્વ મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે એના ઈતિહાસથી માહિતગાર કર્યા હતા.

આ ઉપરાંત વિદ્યાર્થીઓને સમજાવતા જણાવ્યું હતું કે આપણે સમજદારી કેવી હોવી જોઈએ, પોતાના માટે શું? વિચારીએ છે, સ્વ ને ઓળખીએ પોતાનામાં રહેલી શકિતઓને જાગૃત કરીએ. 'દરિયામાં પાણી છે એનાથી પણ વધારે શકિત આપણામાં છે.' મોબાઈલ ફોનના ફાયદા અને ગેરફાયદા ની ચર્ચા કરી હતી. હેલ્પલાઈન નંબરની માહિતી પૂરી પાડી હતી. આર્થિક રીતે આત્મનિર્ભર રહેવાની સમજ આપી હતી. કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી પ્રા. વર્ષાબેન

રાણાએ ઉપસ્થિત મહેમાનોનું પુષ્પ વડે તથા શાબ્દિક સ્વાગત કરી ને આવકાર્યા હતા. કોલેજના ઈન્ચાર્જ આચાર્ય શ્રી પ્રા. વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમનો સંચાલન ડૉ.સોનલબેન વસાવાએ કર્યું હતું તથા આભારવિધિ પ્રા. નિશાબેન ચાવડાએ કરી હતી. કાર્યક્રમમાં શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓના સુંદર સહકાર મળ્યો હતો.

## શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોલેજ, સુરત

### સન્માન સમારોહ



શ્રી જે.બી.ધારૂકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સુરતમાં ભારત સરકાર દ્વારા નાગરિક સુરક્ષા ક્ષેત્રે કરેલ સર્વોત્કૃષ્ટ માનદસેવા બદલ રાષ્ટ્રપતિચંદ્રક પારિતોષિક પ્રાપ્ત કરનાર શ્રી કાનજીભાઈ ભાલાળાનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મહેમાનશ્રીઓમાં શ્રી હરિભાઈ કથીરિયા પ્રમુખશ્રી લોક સમર્પણ રકતદાન કેન્દ્ર, સુરત અને શ્રી ભવાનભાઈ નવાપરા ચેરમેનશ્રી વરાછા કો.ઓ.બેંક પણ હાજર રહ્યા હતાં. કોલેજનાં આચાર્યશ્રી ડૉ. દિલીપ એલ. વરસાણીએ સમાજસેવક અને સમાજને નવી દિશા આપનાર કર્મક એવા શ્રી કાનજીભાઈ ભાલાળાનું સ્કેચ અને પુસ્તક આપી સન્માન કર્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજની ૨૦૦ વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી.

### ઈનામ વિતરણ કાર્યક્રમ

સદર કોલેજમાં શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભાના ઉપપ્રમુખ ડૉ. વિજુભાઈ માવાણીના અધ્યક્ષ સ્થાને સપ્તધારા અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર બહેનોને ઈનામ આપી સન્માન કરવા અંગેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના ઉદ્ઘાટક તરીકે (વી.ન.દ.ગુ.યુ.ના સિન્ડીકેટ મેમ્બર) ડૉ. પારૂલબેન વડગામા, મુખ્ય મહેમાન શ્રી મહેશભાઈ રામાણી (સંચાલકશ્રી આશાદીપ ગૃપ ઓફ સ્કુલ), શ્રી નરેશભાઈ વરીયા (તંત્રીશ્રી ધબકાર પ્રેસ), શ્રી હિતેશભાઈ હિરપરા (કેમ્પસ ડિરેકટરશ્રી સિવીલાઈઝ સ્કુલ), શ્રી મનિષભાઈ કાપડીયા (અધ્યક્ષશ્રી કોર ટીમ જી–૨૦) ઉપસ્થિત રહી ૮૭ વિદ્યાર્થીની બહેનોને ટ્રોફી આપી પ્રોત્સાહિત કરી હતી. આચાર્યશ્રી ડૉ. ડિ. એલ.વરસાણીએ શિક્ષણની સાથે શિક્ષણેતર પ્રવૃતિઓમાં ભાગ લઈ વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર બહેનોને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સપ્તધારાના કો–ઓર્ડિનેટર ડૉ. મહેશ એમ. પટેલ તથા સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.





### કોલેજનો વલથાણ ગામમાં એન.એસ.એસ.વાર્ષિક ખાસ કાર્ય શિબિર યોજાયો







એસ.યુ.વી.ઈન્ટરનેશનલ સ્કૂલમાં શ્રી જે.બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અંતર્ગત એન.એસ.એસ. તથા વલથાણ ગામના સંયુક્ત ઉપક્રમે સાત દિવસીય એન.એસ.એસ. વાર્ષિક ખાસ કાર્યશિબિર તા. ૧૪/૦૩/૨૦૨૩ થી ૨૦/૦૩/૨૦૨૩ દરમ્યાન યોજાયો હતો. વાર્ષિક કાર્યશિબિરના ઉદ્દઘાટન પ્રસંગના અધ્યક્ષ તરીકે શ્રી તાપી બ્રહ્મચાર્યશ્રમસભાના મંત્રીશ્રી હેમંતભાઈ ટોપીવાળા, ઉદ્દઘાટક તરીકે એસ.યુ.વી.સ્કુલના મેનેજીંગ ડાયરેકટર ડૉ. જગદીશભાઈ ચાવડા, મુખ્ય મહેમાન તરીકે વલથાણ ગામના સરપંચ મનીષાબેન દેસાઈ, ઉપસરપંચ મેઘનાબેન દેસાઈ તથા ગ્રામ પંચાયતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સદર કોલેજના આચાર્યશ્રી ડૉ.દિલીપભાઈ વરસાણીએ મહેમાનોનું શબ્દોથી સ્વાગત કર્યા બાદ મોમેન્ટોથી સ્વાગત કર્યું હતું. તથા એન.એસ.એસ. અંગે વિસ્તૃત સમજ આપી હતી. ડૉ. જગદીશ ચાવડાએ એન.એસ.એસ. કાર્યનું મહત્ત્વ સમજાવતા જણાવ્યું હતું કે માનવસેવાને જ પ્રભુસેવા ગણાવી બિનસાંપ્રદાયિક સમાજની રચના કરવા માટે આહ્વાન કર્યું હતું. શ્રી હેમંતભાઈ ટોપીવાળાએ એન.એસ.એસ.ની વિદ્યાર્થીની બહેનોને સામાજિક સેવા દ્વારા શ્રેષ્ઠ સમાજની રચના માટે માર્ગદર્શન આપ્યું હતું.

એન.એસ.એસ. વાર્ષિક ખાસ શિબિર દરમ્યાન સ્વયંસેવિકા બહેનોએ વલથાણના રોડ રસ્તા અને ગ્રામ પંચાયત તથા એસ.યુ.વી. કેમ્પસની સફાઈ કરી હતી.હળપતિવાસમાં જઈ અભણ ભાઈઓ અને બહેનોને અક્ષરજ્ઞાન આપી પોતાની સહી કરતા શીખવાડયું હતું. નેત્રદાન અને દેહદાનનું મહત્ત્વ સમજાવી સ્વેચ્છાએ પચાસ જેટલા વ્યકિતઓને નેત્રદાન અને દેહદાન માટે તૈયાર કર્યા હતા. કેન્દ્ર સરકારના આદેશ અનુસાર ૧૫ થી ૨૯ વર્ષના બેરોજગાર વ્યકિતઓનો સર્વે કરવામાં આવ્યો હતો. પ્રાથમિક શાળા વલથાણ અને એસ.યુ.વી.સ્કૂલમાં જઈ સ્વયંસેવિકા બહેનોએ નાના બાળકોને શિક્ષણ આપી મહેંદી, ચિત્ર, પોસ્ટર સ્પર્ધા કરાવી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ આપી ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

સમાપન કાર્યક્રમના અધ્યક્ષ તરીકે શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમના ઉપપ્રમુખશ્રી ડૉ. વજુભાઈ મવાણી ઉપસ્થિત રહ્યા હતા.મુખ્ય મહેમાન તરીકે એસ.યુ.વી.સ્કૂલના મંત્રીશ્રી કાંતિભાઈ પટેલ, મેનેજીંગ ડાયરેકટર ડૉ. જગદીશભાઈ ચાવડા, આચાર્ય ડૉ. દિલીપ વરસાણી, નવયુગ કોલેજના આચાર્ય ડૉ. વિનોદભાઈ પટેલ, સદર સંસ્થાના કારોબારી સભ્ય ડૉ. મુકેશભાઈ નાવડીયા, અંબાબા કોલેજના આચાર્ય ડૉ. ચેતનભાઈ પટેલ, સાસ્મા કોલેજના આચાર્ય ડૉ. આશિષભાઈ નાયક, સરપંચ મનીષાબેન દેસાઈ, ઉપસરપંચ મેઘનાબેન દેસાઈ, એસ.યુ.વી. સ્કૂલના કેમ્પસ ડાયરેકટર ઉચીતભાઈ નાયક, આચાર્ય સુરેશભાઈ મિશ્રા તથા ગ્રામ પંચાયતના સભ્યો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર તરીકે ડૉ. મહેશભાઈ એમ. પટેલ, ડૉ. અમિતભાઈ ગોધાણી તથા નિર્દોષભાઈ પટેલે સેવા આપી હતી. સમગ્ર વાર્ષિક ખાસ શિબિરને સફળ બનાવવા એન.એસ.એસ.ની સ્વયંસેવિકા બહેનોએ જહેમત ઉઠાવી હતી.

## Akhand Anand Arts & Commerce College, Ved road, Surat

### કોલેજના અધ્યાપિકા પી.એચ.ડી.થયા

અખંડ આનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં ફરજ બજાવતા કોમર્સ વિષયના પ્રાધ્યાપિકા શોભના રમેશભાઈ પ્રજાપતિએ કોમર્સ/એકાઉન્ટ વિષયમાં રજૂ કરેલ મહાશોધ નિબંધ, "A Comparative Analysis of Service of Quality Gap through RATER Model in Selected New Private Sector Banks in Surat City"ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી તેમને કોમર્સ/એકાઉન્ટન્સીના વિષયમાં પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમણે તેમનો મહાશોધ નિબંધ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલપતિશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો.

## H. R. Shah Mahila Arts and Commerce College, Navsari

### અલંકાર સમારોહ અને નારી વિમર્શ પર સેમીનાર

આઝાદીના અમૃત મહોત્સવ અને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઉજવણી નિમિત્તે એચ.આર.શાહ મહિલા આર્ટસ અને કોમર્સ કોલેજ નવસારી તથા હિમાક્ષરા રાષ્ટ્રીય સાહિત્ય પરિષદ વર્ધાના સંયુકત ઉપક્રમે અલંકારણ સમારોહ અને નારી વિમર્શ પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧૧/૦૩/૨૦૨૩ ના રોજ સરકારી અતિથિ ગૃહ નવસારી ખાતે આ સમારંભનો આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉદ્ઘાટક અને મુખ્ય અતિથિ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનનીય ઉપકુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. ચાવડા સાહેબે રાષ્ટ્રભાષા હિન્દી માટે પોતાની ચિંતા વ્યકત કરી હતી અને ઉપસ્થિત અધ્યાપકોને હિન્દીભાષાનો વ્યવહાર માં ઉપયોગ કરવાનું સૂચન કર્યું હતું. હિમાક્ષરા સંસ્થાના સ્થાપક શ્રી ડૉ. ઈસરાર ગુનેશ મુખ્ય અતિથિ હિમાક્ષરા સંસ્થાની માહિતી આપી તેઓ સમાજ સેવા માટે શું યોગદાન આપે છે તે જણાવ્યું હતું. ટ્રસ્ટી શ્રી અતુલભાઈ શાહ, ડૉ. પ્રવિણચંદ્ર પટેલ તથા નવસારીના સ્થાનિક સેનેટ સિન્ડિકેટ મેમ્બર અને સેમિનારમાં ઉપસ્થિત ૫૦ જેટલા અધ્યાપકોએ સમારંભમાં પોતાની ઉપસ્થિતિ નોંધાવી હતી. સૌ પ્રથમ વિવિધ ક્ષેત્રે અને શિક્ષણમાં નોંધપાત્ર કામગીરી કરનાર ૧૯ અધયાપકો સન્માન કરી તેમને ટ્રોફિ અને પ્રમાણપત્ર માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબના હસ્તે એનાયત કરવામાં આવી હતી. સેમિનારમાં ઉપસ્થિત અધ્યાપકોએ નારી વિમર્શ પર પોતાના વિચારો વ્યકત કર્યા હતા. બીજા વકતવ્ય શ્રી ડૉ. ઈસરાર સાહેબે રજૂ કર્યું હતું. કોલેજની વિદ્યાર્થીનીઓએ મહેમાનોના સ્વાગત માટે સુંદર

ડાંગી નૃત્ય રજૂ કર્યું હતું સંયોજક તરીકે કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. નજમા મલેક અને સ્ટાફ મિત્રોએ સુંદર કામગીરી કરી હતી સમારંભના સંચાલક તરીકે ડૉ. રિયાઝ તાઈ તથા પ્રા. સ્મિતા મિસ્ત્રીએ સુંદર કામગીરી કરી હતી. અમારી કોલેજના પ્રા.ડૉ. જિજ્ઞેશ જે પરમારનું પી.એચ.ડી ની ઉચ્ચ ડિગ્રી હાસિલ કરવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું તથા પ્રમાણપત્રોના વિતરણ પછી સેમિનાર નું સમાપન કરવામાં આવ્યું હતું.









## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### Holi celebration

On March 07th 2023, C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara allowed the students to celebrate Holi. There were few rules followed to avoid inconveniences to others. The colors used in during the celebrations were free of pollutant compounds.

This celebration is mainly to bring out the Indian culture and unite all the students despite of their variations.

All the faculty members also celebrated the Holi festival. The celebration begin with the saraswati Pooja.

Whole programme was arranged by Activity Committee under the guidance of Principal Dr. Jyoti Rao.





### International Women's Day

C. N. Kothari Homeopathic Medical College & Research Centre, Vyara and HMAI Vyara Unit celebrated International Women's Day by organizing a Seminar on "Women Empowerment" by Dr. Parul Vadgama, Syndicate Member of VNSGU, Surat.

Seminar was followed by Surprise celebration for female employees by male staff, who organized honoured all female employees with flowers, gift & Sweet.

This was followed by celebration by female staff which included Antakshari, Dumsharad and action games etc.The event was concluded by gift to all.

The entire programme was coordinated by Activity Committee under the Guidance of Principal Dr. Jyoti Rao.








## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### છત્રપતિ શિવાજી મહારાજ પર વિચાર ગોષ્ટીનું આયોજન

ઉધના કોલેજમાં તા. ૨૧/૧/૨૦૨૩ના રોજ સામુદાયિક સેવા ધારા અંતર્ગત છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતી નિમિત્તે વિચાર ગોષ્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજનાં કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. મુખ્ય વકતા બાલાજી રાજે, કો–ઓર્ડિનેટર સેન્ટર ફોર હિંદુ સ્ટડીઝ અને IAS/IPS ટ્રેનીંગ સેન્ટર VNSGU દ્વારા વિદ્યાર્થીઓને છત્રપતિ શિવાજી મહારાજનાં વિચાર અને કાર્ય બાબતે ઉપયોગી માહિતી આપી હતી. આ વિચાર ગોષ્ટીનું સંકલન કોલેજ પ્રાધ્યાપક પ્રા. બૈનાઈફર દુમસિયા અને ડૉ.દિવ્યા જરીવાલા દ્વારા કોલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનાલ (BBA), ડૉ. મનીષ કાયસ્થ (BCA) અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળી (BCA Afternoon)ના માર્ગદર્શન અને સમર્થન હેઠળ કરવામાં આવ્યું હતું.






### G-20 પર General Awareness કાર્યક્રમનું આયોજન





ઉધના કોલેજમાં તા. ૨૩–૦૨–૨૦૨૩, ગુરુવારનાં રોજ વિદ્યાર્થીઓ માટે કોલેજની G-20 સમિતિ દ્વારા G-20 પર General Awareness કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજ G-20 સમિતિનાં નોડલ ઓફિસરો ડૉ. ધવલ પંડયાએ વિદ્યાર્થીઓને G-20નાં ખ્યાલથી પરિચિત કર્યા હતાં. G-20 સમિતિનાં અન્ય સભ્યો પ્રા.ઉર્વશી મહિસુરી અને ડૉ. હિતેશ પટેલએ પણ G-20 નાં વિવિધ પાસાઓ વિશે વિદ્યાર્થીઓને જાગૃત કર્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજનાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન કોલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનાલ (BBA), ડૉ મનિષ કાયસ્થ (BCA) અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળી (BCA Afternoon)નાં માર્ગદર્શન અને સમર્થન હેઠળ કરવામાં આવ્યું હતું.

## વિદ્યાર્થીઓએ VNSGU પ્લેસમેન્ટ ફેરમાં ભાગ લીધો







ઉધના કોલેજનાં વિદ્યાર્થીઓએ તા. ૧૦/૩/૨૦૨૩નાં રોજ VNSGU દ્વારા આયોજિત પ્લેસમેન્ટ ફેરમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ કંપનીઓમાં ઈન્ટરવ્યું આપવામાં આવ્યાં હતા. વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. ઉધના કોલેજ તરફથી વિદ્યાર્થીઓ સાથે સંકલન પ્રાધ્યાપક ડૉ. પરિક્ષિત ઈચ્છાપોરિયા, પ્રા.મહેશ પટેલ, પ્રા. જીનલ પુરોહિત, ડૉ. હિતેશ પટેલ અને પ્રા.વિશ્વા મહેતા દ્વારા કોલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## ઉધના કોલેજમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

ઉધના કોલેજમાં તા. ૦૯/૩/૨૦૨૩નાં રોજ વુમન સેલ અંતર્ગત આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજનાં મહિલા કર્મચારીઓ અને વિદ્યાર્થીનીઓ માટે વિવિધ કાર્યક્રમો અને રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈએ મહિલા કર્મચારીઓનું સન્માન કરી ટોકન ભેટ આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંકલન કોલેજ પ્રાધ્યાપક પ્રા.નિશા મેધાત અને ડૉ.દિવ્યા જરીવાલા દ્વારા કોલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.







## Ph.D. થયા



ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના સીટીઝન કોમર્સ કોલેજ એન્ડ એસ.પી.બી.સી.બી.એ. એન્ડ એસ.ડી.એચ.જી કોલેજ ઓફ બી.સી.એ. એન્ડ આઈ.ટી.નાં મેનેજમેન્ટ વિષયના આસિસ્ટન્ટ પ્રોફેસર હિતેશકુમાર શાંતિલાલ પટેલને મેનેજમેન્ટ વિષયમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાંથી ડૉક્ટર ઓફ ફિલોસોફી (PH.D.) ની પદવી એનાયત કરવામાં આવી છે. આ પદવી તેમણે રજુ કરેલ "A Study on service Quality Gap Analiysis and Satisfaction Level of Key Stakeholders of Management Education Institutes in South Gujarat Region" અંગેના સંશોધન

કાર્યના ઉપલક્ષમાં એનાયત કરવામાં આવી છે. તેમણે આ સંશોધન કાર્ય Department of Business and Industrial Management, VNSGU, Surat ના પ્રોફેસર Dr. Vinod B. Patel ના માર્ગદર્શન હેઠળ કર્યું હતું. સંસ્થા તેમજ કોલેજ પરિવાર તેમને અભિનંદન પાઠવે છે.

## કોલેજમાં છેલ્લા વર્ષનાં વિદ્યાર્થીઓ માટે વિદાય કાર્યક્રમ અને ફોટો સેશનનું આયોજન

ઉધના કોલેજમાં સંસ્કૃતિક સમિતિ અંતર્ગત તા. ૧૭/૩/૨૦૨૩ના રોજ છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં B.com, BBA, અને BCA નાં વિદ્યાર્થીઓ માટે વિદાય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તબક્કે કોલેજનાં પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ માટે ફોટો સેશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈએ વિદ્યાર્થીઓને તેમનાં ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી હતી. BBA પ્રોગ્રામના ઉપાચાર્ય ડૉ. ડેઝી તેક્કનાલ, BCA પ્રોગ્રામના ઉપાચાર્ય ડૉ. મનિષ કાયસ્થ અને BCA ઈવનિંગ પ્રોગ્રામના કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીએ પણ વિદ્યાર્થીઓને શુભકામના આપી હતી. કોલેજમાં અભ્યાસ કરતાં પ્રથમ અને દ્વિતિય વર્ષનાં વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. અંતિમ વર્ષનાં કેટલાક વિદ્યાર્થીઓએ કોલેજ સાથે જોડાયેલી તેમની લાગણીઓ વ્યકત કરી હતી. આ કાર્યક્રમનું સફળ આયોજન સાંસ્કૃતિક સમિતિનાં સભ્યો પ્રા. સમીક્ષા ઝવેરી, ડૉ. અનલી ભરોડીયા, પ્રા. નિશા મેઘાત અને પ્રા. તથાગત પટેલ દ્વારા કોલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઝી ટેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર (BCA Evening) ડૉ. તેજસ ઘડિયાળીનાં સમર્થન અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.





## ઉધના કોલેજમાં ચાલતા 'STEP - An Industry Academy Initiative' નું સફળતા પૂર્વક એક વર્ષ પૂર્ણ

ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટનાં ઉપપ્રમુખ શ્રી નિરંજનભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં N. J. India Pvt. Ltd અને ઉધના કોલેજનાં સંયુકત ઉપક્રમે ચાલતો સ્કીલ અને ટેક્નોલોજી પ્રોગ્રામ (STEP)નું એક વર્ષ પૂર્ણ થતાં વિદ્યાર્થીઓ માટે તા. ૧૭/૩/૨૦૨૩નાં રોજ સર્ટીફીકેટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં N. J. India Pvt. Ltd. માંથી શ્રી અંકુરભાઈ મારફતીયા (ગ્રુપ હેડ–કોર્પોરેટ અફેર્સ) તેમજ શ્રી સોહેલભાઈ (મેનેજર-IT ટીમ) ઉપસ્થિત રહ્યા હતા. STEP પ્રોગ્રામ તેમજ સમારોહનું સંચાલન કોલેજ પ્રાધ્યાપક ડૉ. દર્શન મહેતાએ કોલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કર્યું હતું. સમારોહમાં ૪૦ સફળ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યાં હતા. સફળતાં પ્રાપ્ત કરનાર દરેક વિદ્યાર્થીને ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટનાં પ્રમુખશ્રી ભાણજીભાઈ પટેલ, મંત્રીશ્રી કાંતિભાઈ પટેલ, ખજાનચી શ્રી અમૃતભાઈ પટેલ, સહ મંત્રી શ્રી નરેશભાઈ શાહ અને શ્રી કેતનભાઈ શાહએ શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળી સહિત સ્ટાફ મિત્રોએ હાજરી આપી હતી.





## યુનિવર્સિટી ગ્રંથાલય

### Footfall : Dt. 1-3-2023 to 31-3-2023

| Detail | Description | March-2022 | |
|---|---|---|---|
| User | Visitors | 3888 | |
| | Internet Lab User | 92 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 12 | |
| | Research Scholars | 6 | |
| | Non Teaching Staff | 0 | |
| | Online User | - | |
| | Visitors | 2 | |
| | Total | | 4000 |
| Soursce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section. | | | |

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| March-2023 | 657 | 777 |
| Soursce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section. | | |

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (તા. ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | March-2023 | 02 |
| Soursce : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section. | | |

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | March-2023 | 02 |
| Soursce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section. | | |

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | March-2023 | 03 |
| Soursce: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section. | | |

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in